


RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 278
Dt.: 12-08-2025,
Tuesday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com


### રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી પક્ષોના ૩૦૦ સાંસદોએ કૂચ કરી

# SIR અને "મત ચોરી" વિરુદ્ધ વિપક્ષની EC ઓફિસ સુધી કૂચ

### પોલીસે ચૂંટણી પંચ તરફ જઈ રહેલી રેલીને અટકાવી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, સંજય રાઉત, સાગરિકા ઘોષ સહિતના સાંસદોની અટકાયત કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીના નેતૃત્વમાં વિપક્ષી પક્ષોના ૩૦૦ સાંસદોએ સંસદથી ચૂંટણી પંચ તરફ કૂચ શરુ કરી દીધી હતી. કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી પક્ષોના સાંસદો સંસદ ભવનના મકર દ્વારથી આ કૂચ શરુ કરી હતી. આ કૂચ SIR પ્રક્રિયા અને રાહુલ ગાંધી દ્વારા લગાવવામાં આવેલા 'વોટ ચોરી'ના આરોપોને લઈને યોજવામાં આવી હતી.

દિલ્હી પોલીસે ચૂંટણી પંચ તરફ જઈ રહેલી રેલીને અટકાવી રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, સંજય રાઉત, સાગરિકા ઘોષ સહિતના સાંસદોની અટકાયત કરવામાં આવી હતી.

વિપક્ષના સાંસદો બિહારમાં SIR અને વોટ ચોરી મુદ્દે વિરોધ પ્રદર્શન કરતાં ચૂંટણી પંચ તરફ જઈ રહ્યા હતાં. દિલ્હી પોલીસની પરવાનગી વિના રેલીનું આયોજન કરવા બદલ રેલી અટકાવવામાં આવી હતી. તેમજ સાંસદોની અટકાયત કરવામાં આવી હતી.

રાહુલ ગાંધીના નેતૃત્વ હેઠળ યોજાયેલી આ રેલીમાં વિપક્ષના તમામ પક્ષોના સાંસદોએ ભાગ લીધો હતો. કોંગ્રેસ, સમાજવાદી પાર્ટી, આમ આદમી પાર્ટી, ડીએમકે ઉપરાંત અન્ય પક્ષો વોટ ચોરી વિરુદ્ધની મોર્ચા રેલીમાં જોડાયા હતા. આ રેલીમાં કોંગ્રેસ સાંસદ પ્રિયંકા ગાંધી પણ સામેલ છે. આ દરમિયાન શાંતિપૂર્ણ કૂચ દરમિયાન સાંસદોને રોકવાનો પ્રયાસ કરવા માટે પોલીસ દ્વારા બેરિકેડિંગ કરવામાં આવ્યું હતુ જેને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ કૂદતા દેખાયા હતા.

લોકસભામાં વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ કર્ણાટકમાં ચૂંટણી પંચ અને ભાજપ પર વોટ ચોરીનો આરોપ મૂક્યા બાદ આ રેલીના આયોજનની જાહેરાત થઈ હતી. વોટ ચોરી વિરુદ્ધ લોક સમર્થન મેળવવા રેલી કાઢવાની જાહેરાત વિપક્ષના સાંસદોએ કરી હતી. પરંતુ દિલ્હી પોલીસે તેની પરવાનગી આપી ન હતી. દિલ્હી પોલીસે જણાવ્યું હતું કે, વિપક્ષે આ રેલી માટે કોઈ મંજૂરી માગી નથી. સાંસદોની આ રેલી ચૂંટણી પંચની ઑફિસ તરફ રવાના થઈ રહી છે. રસ્તામાં આકરી સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

કોંગ્રેસના પ્રવક્તા જયરામ રમેશે જણાવ્યું કે વિપક્ષે ચૂંટણી પંચને પત્ર લખીને ૩૦૦ સાંસદોને ચૂંટણી પંચ તરફ કૂચ કરવાની માંગ કરી હતી. તેમનું કહેવું છે કે ચૂંટણી પંચે તે પત્રનો જવાબ આપ્યો ન હતો અને કહ્યું હતું કે ફક્ત ૩૦ સાંસદો જ આવશે. અમે ઈચ્છીએ છીએ કે બધા સાંસદો ચૂંટણી પંચને પોતાનું મેમોરેન્ડમ સુપરત રેલીને રસ્તામાં જ રોકી દેવામાં આવી છે, અને તેને ચૂંટણી પંચ તરફ જતાં અટકાવવા માટે પોલીસે બેરિકેડ મૂક્યા હતાં.

ગઈકાલે જ વિપક્ષી સાંસદોએ આ રેલીની જાહેરાત કરી હતી. દિલ્હી પોલીસનું કહેવું છે કે વિપક્ષે ઔપચારિક પરવાનગી પણ માંગી ન હતી. આમ છતાં કૂચ સંસદ ભવનથી નીકળી ગઈ છે અને તેમને રસ્તામાં રોકવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. આ દરમિયાન અખિલેશ યાદવ બેરિકેડ પર ચઢતા જોવા મળ્યા. પ્રિયંકા ગાંધી પણ વિપક્ષી સાંસદો સાથે સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા.

કોંગ્રેસના સાંસદ શશી થરૂર પણ રાહુલ ગાંધીના નેતૃત્વમાં ચાલી રહેલી રેલીમાં જોડાયા હતા. તેમણે કહ્યું કે, "જ્યાં સુધી લોકોને ચૂંટણીની નિષ્પક્ષતા અંગે શંકા છે, ત્યાં સુધી ચૂંટણી પંચની વિશ્વસનીયતાને નુકસાન થઈ રહ્યું છે.

જો આ શંકાઓ દૂર કરવામાં આવે તો ચૂંટણી પંચની વિશ્વસનીયતા પાછી મેળવી શકાશે.''

### પશ્ચિમ તરફ આગળ વધીશું : મુનીર

# પાકિસ્તાની આર્મી ચીફ મુનીરે મુકેશ અંબાણી પર ટાર્ગેટ કરીને આપી ધમકી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પાકિસ્તાનના સેના પ્રમુખ જનરલ અસીમ મુનીરે ફરી એકવાર ભારત વિરુદ્ધ ઉશ્કેરણીજનક નિવેદન આપીને વિવાદ ઉભો કર્યો છે. અમેરિકામાં પાકિસ્તાની પ્રવાસી સમુદાયને સંબોધતા મુનીરે ધાર્મિક સ્વરમાં ભારતીય ઉદ્યોગપતિ મુકેશ અંબાણીને ધમકી આપી હતી. પાકિસ્તાની ફિલ્ડર અસીમ મુનીરે પોતાના ભાષણમાં કહ્યું, એક ટ્વીટ કરવામાં આવ્યું હતું, જેમાં સૂરા ફીલ અને મુકેશ અંબાણીનો ફોટો હતો, જેથી પાકિસ્તાન આગલી વખતે શું કરશે તે અંગે સંદેશ આપી શકાય. મુનીરે ધમકીભર્યા સ્વરમાં કહ્યું, આપણે ભારતના પૂર્વથી શરૂઆત કરીશું, જ્યાં તેમના સૌથી મૂલ્યવાન સંસાધનો છે, અને પછી પશ્ચિમ તરફ આગળ વધીશું. ફીલ એક અરબી શબ્દ છે, જેનો અર્થ હાથી છે. સૂરા ફીલ કુરાનની એક સૂરા છે, જેમાં કહેવામાં આવ્યું છે કે કેવી રીતે ભગવાને પક્ષીઓને દુશ્મનના હાથીઓ પર પથ્થરોનો વરસાદ કર્યો અને તેમને ભૂસામાં ફેરવી દીધા. અસીમ મુનીર હાફિઝ એ કુરાન છે, એટલે કે, તેણે આખું કુરાન કંઠસ્થ કર્યું છે. અગાઉ પણ તે ભારત વિરુદ્ધ લાગણીઓ ભડકાવવા માટે આવા ધાર્મિક સૂત્રોનો ઉપયોગ કરતો રહ્યો છે. અસીમ મુનીર અહીં જ અટક્યા નહીં, તેમણે પોતાના પરમાણુ શસ્ત્રો બતાવ્યા અને ધમકી આપી કે જો ભારત સિંધુ નદી પર બંધ બનાવશે, તો તેને મિસાઈલોથી નાશ કરવામાં આવશે. મુનીરે કહ્યું, અમે ભારત બંધ બનાવે તેની રાહ જોઈશું, અને પછી અમે તેને ૧૦ મિસાઈલોથી નાશ કરીશું. સિંધુ નદી ભારતની પૂર્વજોની મિલકત નથી, અને અમારી પાસે મિસાઈલોની કોઈ કમી નથી. ભારત સરકારે મુનીરના આ નિવેદન પર કડક પ્રતિક્રિયા આપી છે અને તેને પરમાણુ શસ્ત્રોથી સજ્જ એક બેજવાબદાર દેશ ની માનસિકતા ગણાવી છે. સરકાર સાથે સંકળાયેલા સૂત્રોએ મુનીરના નિવેદનને અત્યંત બેજવાબદાર ગણાવ્યું છે અને ચેતવણી આપી છે કે પાકિસ્તાનમાં પરમાણુ શસ્ત્રો બિન-રાજ્ય તત્વોના હાથમાં જવાનો ખતરો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ નિવેદન પાકિસ્તાનમાં લોકશાહીના અભાવનું ઉદાહરણ છે, જ્યાં વાસ્તવમાં સત્તા સેનાના હાથમાં છે.

# ઓપરેશન સિંદૂરનો ૫ મિનિટ ૫૦ સેકેન્ડનો વીડિયો બહાર પડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલાના જવાબમાં ભારતે ૬ અને ૭ મેની રાત્રે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું. આ અભિયાન દ્વારા ભારતે પાકિસ્તાન અને પાક અધિકૃત કાશ્મીર (PoK) માં ૯ આતંકી કેમ્પને ધ્વસ્ત કર્યા હતા. ઓપરેશન સિંદૂરના ત્રણ મહિના બાદ ભારતીય વાયુસેનાએ ૫ મિનિટ ૫૦ સેકેન્ડનો એક વીડિયો જારી કર્યો છે, જેમાં જોવા મળી રહ્યું છે કે ભારતે કઈ રીતે આતંકીઓની કમર તોડવાની સાથે પાકિસ્તાનના મનોબળને પણ તોડ્યું હતું. ભારતે ઓપરેશન સિંદૂર દ્વારા પાકિસ્તાન અને પાકિસ્તાનના કબજામાં રહેલા કાશ્મીરમાં આતંકીઓના કેમ્પ પર એર સ્ટ્રાઈક કરી હતી, જેમાં આતંકી સંગઠન લશ્કર-એ-તૈયબાનું હેડક્વાર્ટર અને જૈશ-એ-મોહમ્મદના મુખિયા મસૂદ અઝહરનો કેમ્પ તબાહ થઈ ગયો હતો. આ ઓપરેશનમાં ૧૦૦થી વધુ આતંકીઓના મોત થયા હતા. ભારતે મરકઝ સુભાન અલ્લાહ બહાવલપુર, મરકઝ તૈયબા મુરીદકે, સરજલ તેહરા કલાન, મેહમૂના ઝોયા સિયાલકોટ, મરકઝ અહલે હદીસ બરનાલા, મરકઝ અબ્બાસ કોટલી, મસ્કર રાહીલ શાહિદ કોટલી, શવાઈ નાલા કેમ્પ મુઝફ્ફરાબાદ અને સૈયદના બિલાલ કેમ્પ મુઝફ્ફરાબાદ પર હુમલો કર્યો હતો. ઓપરેશન સિંદૂરની સફળતાનો ઉલ્લેખ કરતા, તાજેતરમાં વાયુસેનાના વડા એર ચીફ માર્શલ સિંહે બે પ્રકારના ચિત્રો બતાવ્યા, જે પાકિસ્તાનમાં થયેલા નુકસાન પહેલા અને પછીના હતા.

### સુપ્રીમ કોર્ટનો કડક આદેશ

# દિલ્હીના રખડતાં કૂતરાઓને પકડી શેલ્ટર હોમમાં રાખો

### કોર્ટે એમ પણ કહ્યું છે કે આ કેસમાં કોઈ ભાવનાઓ માટે જગ્યા નથી કારણ કે લોકોની સુરક્ષા સૌથી મહત્ત્વપૂર્ણ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં રખડતાં કૂતરાઓના હુમલાઓના કેસ મામલે સુઓમોટો અરજી પર સુનાવણી બાદ સરકાર, MCD અને NDMCને તાત્કાલિક ધોરણે તમામ રખડતાં કૂતરાઓને પકડવા આદેશ આપ્યા છે.

કોર્ટે આદેશ આપ્યો છે કે કૂતરાઓને પકડી તેમને શેલ્ટર હોમમાં રાખવામાં આવે. કોર્ટે એમ પણ કહ્યું છે કે આ કેસમાં કોઈ ભાવનાઓ માટે જગ્યા નથી કારણ કે લોકોની સુરક્ષા સૌથી મહત્ત્વપૂર્ણ છે. પકડવામાં આવેલા કૂતરાઓને કોઈ પણ પરિસ્થિતિમાં પાછા છોડવામાં આવશે નહીં. કોર્ટે આઠ સપ્તાહની અંદર આશરે ૫ હજાર કૂતરાઓ માટે શેલ્ટર હોમ બનાવવાનો પણ આદેશ આપ્યો છે. કૂતરાઓની ફરિયાદ ફરિયાદ કરવા માટે એક સપ્તાહમાં હેલ્પલાઈન નંબર પણ જાહેર કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. કૂતરા કરડવાની ફરિયાદ મળે તેના ચાર કલાકમાં તે કૂતરાને પકડી લેવાના નિર્દેશ પણ આપવામાં આવ્યા છે.

આટલું જ નહીં કોર્ટે એમ પણ કહ્યું કે, કોઈ પણ વ્યક્તિ કે સંગઠન આ નિર્દેશોનું પાલન કરવામાં અવરોધ ઊભા કરશે તો તે કોર્ટની અવમાનના માનવામાં આવશે.આ ઉપરાંત પકડાયેલા કૂતરાઓને કોઈ પણ સંજોગમાં પરત નહીં છોડાય, ૮ સપ્તાહની અંદર ૫ હજાર કૂતરા માટે શેલ્ટર હોમ બનાવવાનો પણ સુપ્રીમ કોર્ટે આદેશ કર્યો છે.

### ટ્રકથી કચડાતા પત્નીનું મોત

# મદદ ન મળતાં બાઈક પર ૮૦ કિ.મી. મૃતદેહ લઈ ગયો પતિ

(સંપૂર્ણ સમાચાર સેવા)નાગપુર


હાઈવે પર દુર્ઘટનાનો ભોગ બનતા લોકો માટે મેડિકલ સહાય આપવાના તમામ વ્યવસ્થાઓ અને દાવાઓ કરવામાં આવી રહ્યા છે. પરંતુ નાગપુરથી જે તસ્વીર સામે આવી રહી છે, જે ખૂબ જ દુખદ છે. નાગપુરથી જબલપુર હાઈવે પર એક શખ્સની પત્નીને ટ્રકે ટક્કર મારતાં તેનું મૃત્યું થયું હતું. આ શખ્સે તબીબી સુવિધા મેળવવા માટે ઘણા પ્રયાસો કર્યા. તેમ છતાં તેને ન એમ્બ્યુલન્સ મળી કે ન તો તેને હોસ્પિટલ લઈ જવા માટે કોઈ મદદ મળી. ત્યાંથી પસાર થતા લોકોએ પણ મદદ ન કરી. તેથી થાકીને અંતે, તેણે મહિલાના મૃતદેહને બાઈક પર બાંધી દીધીને ૮૦ કિ.મી દૂર લઈ ગયો. આ પુરુષની ઓળખ અમિત યાદવ તરીકે થઈ છે. સોશિયલ મીડિયા પર આ વીડિયો વાયરલ થઈ રહ્યો છે. ફુલ સ્પીડમાં દોડતી એક ટ્રકે મહિલાને કચડી નાખી હતી. આ પછી તે પુરુષ મદદ માટે વિનંતી કરતો હતો, પરંતુ ચારે બાજુથી નિરાશ મળી, તેથી તેણે પત્નીના મૃતદેહને બાઈક પર લઈને ચાલી નીકળ્યો હતો. આ વીડિયો પોલીસે જ બનાવ્યો છે અને તેમણે જ બાઈક ઉભી રખાવી હતી. આ ઘટના રક્ષાબંધનના દિવસે એટલે કે ૯ ઓગસ્ટે બની હતી. અમિત યાદવ અને તેની પત્ની નાગપુરના લોનારાથી મધ્યપ્રદેશના કરણપુર જઈ રહ્યા હતા. આ દરમિયાન એક ટ્રકે તેમની બાઈકને ટક્કર મારી. આ અકસ્માતમાં અમિતની પત્ની જ્ઞારસી નીચે પડી ગઈ હતી. તેમ છતાં ટ્રક ચાલકે બ્રેક ન મારી અને ટ્રક તેના પર ચડાવી દીધી. એ પછી, ટ્રક ચાલક ટ્રક લઈને ઘટનાસ્થળેથી ભાગી ગયો. મહિલાના પતિએ ત્યાથી પસાર થતા લોકોને મદદ માટે વિનંતી કરી, પરંતુ કોઈ રોકાયું નહીં. ચારે બાજુથી લાચાર અમિતે તેની પત્નીના મૃતદેહને બાઈક પર બાંધી દીધો અને મધ્યપ્રદેશમાં તેના ગામ તરફ રવાના થઈ ગયો. દરમિયાન જ્યારે એક પોલીસ વાનને આખી ઘટના સમજાઈ, ત્યારે તેણે તેનો પીછો કરીને તેને રોક્યો. ત્યારબાદ પોલીસે મહિલાના મૃતદેહને નાગપુરમાં જ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો અને અકસ્માતમાં મૃત્યુનો કેસ નોંધ્યો હતો. પોલીસનું કહેવું છે કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા પછી જ આ કેસમાં આગળની કાર્યવાહી કરવામાં આવશે. આ પરિવાર નાગપુરમાં રહે છે, પરંતુ મૂળ મધ્યપ્રદેશના સિઓનીનો છે.

# કોમેડિયન કપિલ શર્માની સુરક્ષામાં વધારો કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈ પોલીસે જાણીતા કોમેડિયન કપિલ શર્માની સુરક્ષા વધારી દીધી છે. મુંબઈ પોલીસના એક વરિષ્ટ અધિકારીએ આ માહિતી આપી છે. થોડા દિવસ પહેલા કેનેડા સ્થિત કપિલ શર્માના કેફે પર ગોળીબારની બે ઘટનાઓ સામે આવી હતી અને અભિનેતા સલમાન ખાન સાથેના સંબંધો અંગે લોરેન્સ બિશ્નોઈ ગેંગ તરફથી આપવામાં આવેલી ધમકીઓ બાદ આ પગલું લેવામાં આવ્યું છે. જોકે, પોલીસ અધિકારીઓ આ અંગે ખુલાસો કરવા તૈયાર નથી. થોડા દિવસ પહેલા લોરેન્સ ગેંગના એક સભ્યએ આ ઘટનાની જવાબદારી લીધી હતી.

મુંબઈ પોલીસના વરિષ્ઠ સૂત્રોના કહેવું છે કે, કેટલી સુરક્ષા વધારવામાં આવી છે, તે અંગે માહિતી જાહેર કરી શકતા નથી. આ ઉપરાંત પોલીસે એમ પણ કહ્યું કે, કપિલ શર્માને આમાં કોઈ મુશ્કેલી ન થાય તે પ્રકારે પોલીસ કાર્યવાહી કરી રહી છે. કપિલ શર્માના કેનેડા સ્થિત કેપ્સ કેફે માં બીજીવાર ગોળીબાર થયા પછી લોરેન્સ બિશ્નોઈ ગેંગના એક સભ્યનું ઓડિયો રેકોર્ડિંગ સામે આવ્યું હતું, જેમાં તેમણે કહ્યું હતું કે, અભિનેતા સલમાન ખાનને કપિલ શર્માના રેસ્ટોરન્ટના ઉદ્ઘાટન સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું. તેના કારણે તેને નિશાન બનાવવામાં આવ્યો હતો.

# તંત્રી લેખ......

## રશિયાના ક્રૂડની અવગણનાથી ભારતીય ઓઈલ રિફાઈનરીને પડશે મોટો ફટકો

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી કરીને ભારત યુક્રેન યુદ્ધમાં પુતિનને મદદ કરી રહ્યું હોવાનો દાવો કરવાની સાથે ભારત પર ૫૦ ટકા ટેરિફ ઝિંકી દીધો છે. આ સાથે ટ્રમ્પ સતત ભારત પર રશિયા પાસેથી ક્રૂડની ખરીદી બંધ કરવાનું દબાણ કરી રહ્યા છે. આવા સંજોગોમાં ભારતીય રિફાઈનરીઓ ટેકનિકલરૂપે રશિયા પાસેથી ક્રૂડ ઓઈલના સપ્લાય વિના કામ ચલાવી શકે છે પરંતુ તેમણે આ પરિવર્તન માટે ભારે આર્થિક બોજ સહન કરવો પડી શકે છે તેમ વિશ્લેષકોનું કહેવું છે.

વિશ્લેષકોનું કહેવું છે કે રશિયન ક્રૂડ ઓઈલ ઉચ્ચ ડિસ્ટિલેટ ઉત્પાદન વધારે છે. તેનો અર્થ એ છે કે ક્રૂડ ઓઈલના રિફાઈનિંગ સમયે બનતા પેટ્રોલ, ડીઝલ અને વીમાન ઈંધણનો ભાગ વધુ હોય છે. ભારતની રિફાઈનરીઓના વપરાશમાં રશિયન ક્રૂડ ઓઈલનો હિસ્સો ૩૮ ટકા જેટલો છે. વૈશ્વિક વિશ્લેષણ કંપની કેપ્લરના અહેવાલ મુજબ રશિયન ક્રૂડ ઓઈલને વૈકલ્પિક ક્રૂડથી બદલવાથી ઉત્પાદનમાં પરિવર્તન આવશે. તેના પગલે ડીઝલ, અને જેટ ફ્યુઅલનું ઉત્પાદન ઘટશે તથા આડ પેદાશોનું ઉત્પાદન વધી જશે.

અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા સપ્તાહે ભારત પર અમેરિકામાં નિકાસ પર વધારાનો ૨૫ ટકા ટેરિફ નાંખવાની જાહેરાત કરી હતી. આ ટેરિફ રશિયા પાસેથી ક્રૂડ ઓઈલની ખરીદી બદલ દંડ સ્વરૂપે છે. તેથી ભારત પર કુલ અમેરિકન ટેરિફ વધીને ૫૦ ટકા થઈ ગયો છે. આ સંજોગોમાં ભારતીય રિફાઈનરીઓએ રશિયામાંથી ક્રૂડ ઓઈલની ખરીદી ઘટાડવા અંગે ચર્ચા શરૂ કરી છે. કેપ્ટલેર તેના રિપોર્ટ ભારતીય આયાત પર અમેરિકન ટેરિફ, ઊર્જા બજારો અને વેપાર પ્રવાહ પર અસરમાં જણાવ્યું છે કે ટેકનિકલ દૃષ્ટિએ ભારતીય રિફાઈનરી રશિયન ક્રૂડ ઓઈલ વિના કામ ચલાવી શકે છે, પરંતુ આ પરિવર્તન માટે તેણે જંગી આર્થિક બોજ ઉપાડવાની સાથે વ્યૂહાત્મક સમજૂતી પણ કરી પડશે. રિપોર્ટ મુજબ ભારે છૂટ અને ભારતની રિફાઈનરી સિસ્ટમને અનુકુળ હોવાના કારણે રશિયન ક્રૂડ ઓઈલની આયાતમાં વધારો થયો હતો. રશિયન ક્રૂડ ઓઈલ ઊંચું ડિસ્ટિલેટ ઉત્પાદન (ડીઝલ અને જેટ ફ્યુઅલ)નું સમર્થન કરે છે અને ભારતની અત્યાધુનિક રિફાઈનિંગ સિસ્ટમને અનુરૂપ છે. તેણે સરકારી અને ખાનગી બંને રિફાઈનરીઓને મજબૂત માર્જીન જાળવી રાખવામાં મદદ કરી છે. વોલ્યુમની દૃષ્ટિએ જોઈએ તો ભારતે નાણાકીય વર્ષ ૨૦૨૫માં કુલ ૨૪.૫ કરોડ ટનના શિપમેન્ટમાંથી રશિયા પાસેથી ૮.૮ કરોડ ટન ક્રૂડ ઓઈલની આયાત કરી હતી. પશ્ચિમી દેશોએ રશિયાના ક્રૂડ ઓઈલની ખરીદી પર પ્રતિબંધ મૂક્યા પછી ભારતે ડિસ્કાઉન્ટ કિંમતે રશિયામાંથી ક્રૂડની ખરીદી વધારી હતી અને આજે રશિયા ભારત માટે ક્રૂડ ઓઈલનું સૌથી મોટું સપ્લાયર છે.

## ૧૦ ઓગસ્ટ – વિશ્વ સિંહ દિવસના રોજ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની ૫,૦૦૦થી વધુ નાગરિકોએ મુલાકાત લીધી

વિશ્વભરમાં દર વર્ષે તા. ૧૦ ઓગસ્ટના રોજ જંગલના રાજા તરીકે વિખ્યાત સિંહને સમર્પિત "વિશ્વ સિંહ દિવસ"ની ઉજવણી કરવામાં આવે છે. આ ખાસ દિવસની ઉજવણીનો મુખ્ય હેતુ નાગરિકોમાં સિંહના સંરક્ષણ અને સંવર્ધન અંગે જાગૃતિ લાવવાનો છે. બિડાલ કુળના વન્યજીવ સિંહ, પ્રકૃતિની આહાર શ્રૃંખલાની ટોચની કડી છે.ગઈકાલે તા. ૧૦ ઓગસ્ટ અને વિશ્વ સિંહ દિવસ નિમિત્તે 'ગીર' ફાઉન્ડેશનના નિયામકશ્રીના માર્ગદર્શન હેઠળ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાન ખાતે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત "Feel the Roar, Heal the Fear – Info Talk on Lion and Nature Trail" કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં હેપ્પી યુથ ક્લબ-ગાંધીનગર સાથે જોડાયેલા પરિવારના બાળકો સહિત ૪૦ જેટલા સભ્યોએ ભાગ લીધો હતો. આ બાળકોને સિંહના પારિસ્થિતિકીય તંત્રમાં મહત્વની ભૂમિકા અને તેના સંરક્ષણ અંગે માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત સિંહ દિવસના રોજ ઈન્દ્રોડા પ્રકૃતિ ઉદ્યાનની મુલાકાત લેનાર ૫,૦૦૦થી વધુ મુલાકાતીઓને વિડીયો પ્રેઝન્ટેશન મારફતે વિશ્વ સિંહ દિવસ અંગે અગત્યની માહિતી પ્રદાન કરવામાં આઈ હતી. જેમાં એશિયાઈ સિંહ અંગે માહિતી આપતા વિડિયો દિવસ દરમિયાન બતાવવામાં આવ્યા હતા. તદુપરાંત ફૂલછોડ વિતરણનો પણ કાર્યક્રમ ઉદ્યાન ખાતે યોજવામાં આવ્યો હતો અને ૨૦૦ જેટલા ફૂલછોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, સિંહના સંરક્ષણ માટે લોકભાગીદારી થકી કરાયેલા અવિશ્વસનીય પ્રયત્નોના પરિણામે ગુજરાતના ગૌરવ સમાન એશિયાઈ સિંહોની સંખ્યામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થઈ રહી છે. ચાલુ વર્ષે વન વિભાગ દ્વારા કરવામાં આવેલી સિંહ વસતી અંદાજ મુજબ હાલ ગુજરાતભરમાં એશિયાઈ સિંહોની સંખ્યા ૮૯૧ સુધી પહોંચી છે. - નિતિન રથવી

### મિત્ર દેશની ધરતી પરથી આવું નિવેદન...

## આસિમ મુનિરની ધમકી મુદ્દે ભારતે અમેરિકાને પણ ઘેર્યું

### અમે અમારા રાષ્ટ્રની સુરક્ષા અને હિતને ધ્યાનમાં લેતાં પગલાં લેવાનું ચાલુ રાખીશું : વિદેશ મંત્રાલય

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના વિદેશ મંત્રાલયે પાકિસ્તાનની સેનાના પ્રમુખ આસિમ મુનીરના ભારત વિરોધી નિવેદનનો આકરો જવાબ આપ્યો છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે, આ અત્યંત દુઃખદ છે કે, કોઈ ત્રીજા દેશની ધરતી પરથી તમે આ પ્રકારની ટીપ્પણીઓ કરી રહ્યા છો. ભારતે પહેલાં જ સ્પષ્ટતા કરી દીધી છે કે, તે પરમાણુ હુમલાની ધમકી સામે ઝૂકશે નહીં. અમે અમારા રાષ્ટ્રની સુરક્ષા અને હિતને ધ્યાનમાં લેતાં પગલાં લેવાનું ચાલુ રાખીશુ. ભારતના વિદેશ મંત્રાલયે મુનીરના નિવેદનની ટીકા કરતાં કહ્યું છે કે, પાકિસ્તાનના આર્મી ચીફ અમેરિકાની ધરતી પર ભારતને પરમાણુ ધમકી આપી રહ્યા છે. પાકિસ્તાની આ પ્રકારની પરમાણુની ધમકી એ જૂની ટેવ છે. આંતરરાષ્ટ્રીય સમુદાયો આ પ્રકારના નિવેદનો પરથી નિષ્કર્ષ કાઢી શકે છે કે પાકિસ્તાનના પરમાણુ નિયંત્રણની કમાન કેવા હાથમાં છે. આ દુઃખદ છે કે, પાકિસ્તાને કોઈ ત્રીજા દેશની ધરતી પરથી આ પ્રકારના નિવેદનો આપવા પડ્યા. ભારતે પહેલાં જ સ્પષ્ટતા કરી દીધી છે કે, તે પરમાણુ હુમલાની ધમકી સામે ઝૂકશે નહીં. અમે અમારા રાષ્ટ્રની સુરક્ષા અને હિતને ધ્યાનમાં લેતાં પગલાં લેવાનું ચાલુ રાખીશુ.

પાકિસ્તાનના આર્મી ચીફ મુનીરે અમેરિકાની ધરતી પરથી ગઈકાલે ભારતને પરમાણુ હુમલાની ધમકી આપતાં કહ્યું હતું કે, અમે પરમાણુથી સજ્જ રાષ્ટ્ર છીએ. અમે તો ડૂબીશું, અડધી દુનિયાને પણ સાથે લઈને ડૂબીશું.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ સોનાના વાયદામાં રૂ.૧૨૮૬ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૩૯નો કડાકોઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૬નો સુધારો

## કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૪૫૬ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૫૬૫ કરોડનું ટર્નઓવરઃ સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૮૨૦ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૩૮૪ પોઈન્ટના સ્તરે

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૧૨૬૦૨૩.૬૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૧૪૫૬.૦૧ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૧૦૪૫૬૫.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૩૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૧૨૬૧.૨૮ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ.૧૮૮૨૦.૯૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૧૯૮ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૧૯૯ અને નીચામાં રૂ.૧૦૦૩૬૮ના સ્તરને સ્પર્શી, રૂ.૧૦૧૭૯૮ના આગલા બંધ સામે રૂ.૧૨૮૬ના ભાવઘટાડા સાથે રૂ.૧૦૦૫૧૨ થયો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૮૭૧ ઘટી રૂ.૮૦૪૧૬ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૧૦૭ ઘટી રૂ.૧૦૦૬૬ના ભાવે બોલાયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૨૭૫ ઘટી રૂ.૯૯૯૩૭ના ભાવે બોલાયો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૧૦૧૦૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૦૧૦૦૧ અને નીચામાં રૂ.૯૯૯૧૬ના મથાળે અથડાઈ, રૂ.૧૦૧૩૪૬ના આગલા બંધ સામે રૂ.૧૨૯૬ના ભાવઘટાડા સાથે રૂ.૧૦૦૦૫૦ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૪૨૯૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૪૫૪૦ અને નીચામાં રૂ.૧૧૨૮૧૭ના સ્તરને સ્પર્શી, રૂ.૧૧૪૮૮૧ના આગલા બંધ સામે રૂ.૧૫૩૯ના ભાવઘટાડા સાથે રૂ.૧૧૩૩૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૧૫૬૮ની નરમાઈ સાથે રૂ.૧૧૩૦૫૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૫૪૬ ઘટી રૂ.૧૧૩૦૫૫ થયો હતો.

એનર્જી સેગમેન્ટમાં રૂ.૧૭૪૭.૫૪ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૪૫૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૪૫૭ અને નીચામાં રૂ.૪૪૪૦ના મથાળે અથડાઈ, રૂ.૧૦ ઘટી રૂ.૪૪૪૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો બેરલદીઠ રૂ.૫૬૦૦ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૧૯ અને નીચામાં રૂ.૫૫૩૩ના સ્તરને સ્પર્શી, રૂ.૫૬૧૦ના આગલા બંધ સામે રૂ.૬ સુધરી રૂ.૫૬૧૬ના ભાવે બોલાયો હતો. ક્રૂડ તેલ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૭ વધી રૂ.૫૬૧૮ના સ્તરે પહોંચ્યો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૩.૨ ઘટી રૂ.૨૫૭.૬ના ભાવે બોલાયો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૩ ઘટી રૂ.૨૫૮ થયો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૭૩.૮ના ભાવે ખૂલી, રૂ.૪૫.૩ વધી રૂ.૧૦૨૦ થયો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૪૮૨ના ભાવે ખૂલી, રૂ.૨૫ ઘટી રૂ.૨૫૬૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧૨૭૨૫.૪૩ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ.૬૦૯૫.૫૧ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાંના વાયદાઓમાં રૂ.૪૪૭.૭૬ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫.૪૧ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ.૧૪.૫૩ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ.૧૮૯.૨૧ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ.૧૧.૦૩ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ.૬૮૬.૨૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ.૧૦૫૦.૨૬ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ.૧૩.૫૫ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ.૦.૫૭ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૬૩૭ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૦૦૪૨ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૦૪૦૧ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૧૬૪૫૭૪ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૧૫૦૧૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૧૮૪૧૧ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૦૫૩૯ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૯૭૨૬ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૬૩૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૫૬૯૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૭૯૫૩ લોટના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૪૭૫ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૪૯૯ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૩૨૧ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૨૯૮ પોઈન્ટ ઘટી ૨૩૩૮૪ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧.૫ ઘટી રૂ.૧૦૬.૩ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૬૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૨.૩૫ ઘટી રૂ.૧૦.૫ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૨૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૬૬૯.૫ ઘટી રૂ.૭૯૫ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૬૦ ઘટી રૂ.૧૪૯૫.૫ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૯૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૨.૬૯ ઘટી રૂ.૫.૫૧ થયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૩૮ પૈસા ઘટી રૂ.૨.૫૫ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ ઓગસ્ટ રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૫ ઘટી રૂ.૮૭.૬ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૬૦ પૈસા વધી રૂ.૮.૧ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૧૬.૫ વધી રૂ.૧૧૩૯ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૬૨૭.૫ વધી રૂ.૨૦૧૧.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૪૭ પૈસા વધી રૂ.૪.૮૯ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૮૧ પૈસા ઘટી રૂ.૨.૬૯ના ભાવે બોલાયો હતો.

# ગાંધીનગરમાં 'સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા' વિષય પર સેમિનાર યોજાયો






## ભારત સરકારના સંરક્ષણ ઉત્પાદન વિભાગ, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ, GCCI અને લઘુ ઉદ્યોગ ભારતીના સંયુક્ત ઉપક્રમે આ સેમિનાર આયોજિત કરવામાં આવ્યો

ગુજરાત સરકારના ઉદ્યોગ વિભાગ દ્વારા ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગાંધીનગર સ્થિત હોટલ લીલા ખાતે 'સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભરતા' વિષય પર એક સેમિનાર આયોજિત કરવામાં આવ્યો. આ સેમિનાર ભારત સરકારના સંરક્ષણ ઉત્પાદન વિભાગ, ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગ, યઝ્રૈં અને લઘુ ઉદ્યોગ ભારતીના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ભારતનું ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ સેક્ટર એટલે કે સંરક્ષણ ઉત્પાદન ક્ષેત્ર 'આત્મનિર્ભર ભારત'ના રાષ્ટ્રીય વિઝન અને વિકસિત ભારત @૨૦૪૭ના વ્યૂહાત્મક રોડમેપ દ્વારા સંચાલિત ઐતિહાસિક પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે.

આજે જ્યારે વધુ ને વધુ ખાનગી કંપનીઓ સંરક્ષણ સંસાધનોના ઉત્પાદનમાં જોડાઈ રહી છે, ત્યારે આ સંરક્ષણ ક્ષેત્રે એક આત્મનિર્ભર ઈકોસિસ્ટમનું નિર્માણ કરવામાં સૂક્ષ્મ, લઘુ અને નાના ઉદ્યોગો (MSMEs)ની ભૂમિકા ખૂબ મહત્વપૂર્ણ બની જાય છે.

ગુજરાત, એન્જિનિયરિંગ, મેન્યુફેક્ચરિંગ, અદ્યતન ટેક્સટાઈલ્સ, અને સ્પેશિયાલિટી મટિરિયલ્સ જેવા ક્ષેત્રોમાં એક મજબૂત ઔદ્યોગિક આધાર ધરાવે છે, અને એટલે જ ભારતની ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ મહત્વાકાંક્ષાઓને પૂર્ણ કરવામાં યોગદાન આપવા માટે ગુજરાત સજ્જ છે. પરંતુ, ગુજરાત સ્થિત ઘણા MSMEs માટે ડિફેન્સ સપ્લાય ચેઈન્સ એટલે કે સંરક્ષણ પુરવઠા શ્રૃંખલાઓ સાથેનું સંકલન મર્યાદિત રહે છે. આ મર્યાદાઓને દૂર કરવા માટે જ આ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં પોતાના સંબોધન દરમિયાન ગુજરાત સરકારના ઉદ્યોગ મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતે જણાવ્યું કે, "વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન હેઠળ ભારત આત્મનિર્ભર રાષ્ટ્ર બનવા તરફ આગળ વધી રહ્યું છે.

ગુજરાત આ સફરમાં એક અગ્રણી રાજ્ય તરીકે ઉભરી આવ્યું છે. સંરક્ષણ ઉત્પાદન અને ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપીને રાજ્યએ દર્શાવ્યું છે કે યોગ્ય નીતિઓ, માળખાગત સુવિધાઓ અને કૌશલ્ય વિકાસ સાથે, આપણે વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને સિદ્ધિઓમાં પરિવર્તિત કરી શકીએ છીએ."

કાર્યક્રમ દરમિયાન ભારત સરકારના ડિફેન્સ પ્રોડક્શનના સંયુક્ત સચિવ શ્રીમતી મનિષા ચંદ્રા (IAS)એ 'એરોસ્પેસ અને સંરક્ષણમાં આત્મનિર્ભરતા અને ગુજરાતની ક્ષમતા' પર સંબોધન કર્યું હતું, જ્યારે ભારત સરકારના ડિફેન્સ પ્રોડક્શનના સચિવ શ્રી સંજીવ કુમાર (IAS) દ્વારા પણ સંબોધન કરવામાં આવ્યું હતું. લઘુ ઉદ્યોગ ભારતીના પ્રેસિડેન્ટ શ્રી બળદેવભાઈ પ્રજાપતિએ પણ કાર્યક્રમમાં વિશેષ સંબોધન આપ્યું હતું.

ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્માએ પોતાના સંબોધનમાં જણાવ્યું કે "ગુજરાતમાં અત્યારે આ ક્ષેત્રમાં ૧૦૦૦થી વધુ સ્ટાર્ટઅપ અને ૧૬ હજાર MSME કામ કરી રહ્યા છે. આ ક્ષેત્રની ક્ષમતાને ઉજાગર કરવાની ગુજરાતમાં વિશાળ સંભાવના છે. ભારતમાં આ ક્ષેત્રમાં મોટાપાયે કામ થયું છે અને આ ક્ષેત્રની ક્ષમતાઓને ઉજાગર કરવા માટે સરકારી યોજનાઓના ઉપયોગને પ્રોત્સાહન આપવું જોઈએ અને નીતિઓનો લાભ લેવો જોઈએ."

આ ઉપરાંત, કાર્યક્રમ દરમિયાન, સંરક્ષણ મંત્રાલયના ડેપ્યુટી ડાયરેક્ટર જનરલ શ્રી લોકેશ કુમાર શર્મા દ્વારા સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતામાં MSMEsની ભૂમિકા પર પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. ડિફેન્સ સેક્ટરમાં કાર્યરત એક સ્ટાર્ટઅપ સ્વદેશી એમ્પ્રેસા પ્રા.લિ. દ્વારા સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતામાં સ્ટાર્ટઅપ્સની ભૂમિકા અંગે પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં DRDO લેબોરેટરીઝના મેજર જનરલ એ.કે.ચાનન દ્વારા સંરક્ષણ ખરીદીઓ પર સંબોધન કરવામાં આવ્યું હતું, જ્યારે ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના શ્રી સુમેન્દુ રે દ્વારા ડિફેન્સ સ્ટાર્ટઅપ્સ અને ઈનોવેશન પર પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, SIDBI તરફથી ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી એસ. મુરલીધરન, L&T પ્રિસિઝન એન્જિનિયરિંગ એન્ડ સિસ્ટમ્સ તરફથી સિનિયર ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી આનંદ મિસ્ત્રી, HAL તરફથી ડેપ્યુટી જનરલ મેનેજર શ્રી જાવેદ અલી અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ જેવી કંપનીઓના પ્રતિનિધિઓએ વિવિધ વિષયો પર પ્રેઝન્ટેશન્સ આપ્યા હતા તેમજ ભારતને સંરક્ષણ ક્ષેત્રમાં આત્મનિર્ભર બનવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કાર્યક્રમના અંતે પ્રશ્નોત્તરીનું પણ એક સત્ર યોજાયું હતું.

આ કાર્યક્રમમાં HAL - હિન્દુસ્તાન એરોનોટિકલ લિમિટેડ, અભ્યુદય ભારત પ્રોજેક્ટ્સ પ્રા. લિમિટેડ, યુનિક ફોર્જ રાજકોટ, ઈનસાઈડ FPV ડ્રોન્સ, ઉર્જા પ્રોડક્ટ્સ પ્રા. લિમિટેડ, ક્રિષ્ના એન્જિનિયરિંગ, એસએલએસ સિસ્ટમ લેવલ સોલ્યુશન, સ્પાઈક એન્જિનિયરિંગ, વેક્સમા ટેક્નોલોજીસ પ્રા. લિમિટેડ, એક્સિયો ઈન્સ્પાયર્ડ મેડ ટેક અને SIDBI જેવી સંરક્ષણ ઉત્પાદન કંપનીઓના સ્ટોલ પણ પ્રદર્શિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમનો ઉદ્દેશ અને ગુજરાતના ફોકસ ક્ષેત્રો

આ કાર્યક્રમનો ઉદ્દેશ, ભારતની ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં આત્મનિર્ભરતાને પ્રોત્સાહન આપવાનો, ગુજરાત આધારિત MSMEsને રાષ્ટ્રીય સંરક્ષણ સંબંધિત ખરીદીઓ, ઈનોવેશન અને એક્સપોર્ટ સુધીની પહોંચ આપવાનો અને તેમાં ભાગીદારી માટે સક્ષમ કરવાનો, સ્થાનિક ઉદ્યોગો અને મુખ્ય હિસ્સેદારો જેવાંકે, ડિફેન્સ PSUs, સંરક્ષણ ક્ષેત્રની મુખ્ય ખાનગી કંપનીઓ, સશસ્ત્ર દળો અને શોધન અને વિકાસ સંસ્થાઓ વચ્ચેના જોડાણોને સરળ બનાવવાનો અને ગુજરાતની ઔદ્યોગિક શક્તિઓને રાષ્ટ્રીય સંરક્ષણ પ્રાથમિકતાઓ સાથે સંરેખિત કરવાનો હતો, જે વિકસિત ભારત @૨૦૪૭ના વિઝનમાં યોગદાન આપશે.

આ કાર્યક્રમમાં, ગુજરાતના વિવિધ ક્ષેત્રો પર ફોકસ કરવામાં આવ્યું હતું, જેમાં એન્જિનિયરિંગ, પ્રિસિઝન ફેબ્રિકેશન અને મશીનિંગ, ડિફેન્સ ઈલેક્ટ્રોનિક્સ અને એમ્બેડેડ સિસ્ટમ્સ, UAVs, એરોસ્પેસ અને એવિયોનિક્સ કોમ્પોનેન્ટ્સ, આર્મર સિરામિક્સ અને ડિફેન્સ ટેક્સટાઈલ્સ, સ્પેશિયાલિટી કેમિકલ્સ, કોટિંગ્સ અને કોમ્પોઝિટ મટિરિયલ્સનો સમાવેશ થાય છે.

આ કાર્યક્રમ ગુજરાતની ક્ષમતાઓને ડિફેન્સ મેન્યુફેક્ચરિંગ હબ તરીકે સંચાલિત કરવા માટે એક મહત્વપૂર્ણ પગલું છે, જે વિશ્વના ટોચના પાંચ સંરક્ષણ ઉત્પાદકોમાંનું એક બનવાના ભારતના ધ્યેયમાં સક્રિયપણે યોગદાન આપે છે. આ ક્ષેત્રમાં ગુજરાતના MSMEsને મજબૂત બનાવવા, એ માત્ર રાષ્ટ્રીય સંરક્ષણ પ્રાથમિકતાઓ સાથે જ નહીં, પરંતુ 'વિકસિત ગુજરાત @૨૦૪૭' રોડમેપ હેઠળ નવીનતા-આધારિત, ઉચ્ચ-મૂલ્યવાળા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના રાજ્યના વિઝન સાથે પણ સુસંગત છે.

## ૨૧ ઓગસ્ટની ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેન (૧૯૨૦૯) રદ

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળમાં આવેલ લાખાબાવલ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ડબલ ટ્રેક કામને કારણે ૨૦ ઓગસ્ટથી ૨૩ ઓગસ્ટ, ૨૦૨૫ સુધી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી અનુસાર ભાવનગર મંડળની પ્રભાવિત થનારી ટ્રેનોનું વિગતવાર વર્ણન નીચે મુજબ છેઃ

રદ ટ્રેનો :

૧. ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ ૨૧.૦૮.૨૦૨૫ના રોજ રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ ૨૨.૦૮.૨૦૨૫ ના રોજ રદ રહેશે.

પુનઃ નિર્ધારિત ટ્રેન :

૧. ટ્રેન નંબર ૧૯૨૬૯ પોરબંદર-મુઝફ્ફરપુર એક્સપ્રેસ ૨૨.૦૮.૨૦૨૫ એ પોરબંદરથી પોતાના નક્કી સમય ૧૯.૪૦ કલાકના બદલે ૧ કલાક અને ૧૦ મિનિટ મોડું એટલે કે ૨૦.૫૦ કલાકે પ્રસ્થાન કરશે.

રેલ યાત્રીઓને વિનંતી છે કે ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને પોતાની યાત્રાની શરૂઆત કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત તાજા અપડેટ્સની માહિતી માટે વેબસાઈટ www. enquiry. indianrail. gov.in પર જઈને અવલોકન કરે જેથી કોઈ પ્રકારની અસુવિધા ન થાય.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા, સંસ્થાના વિકાસલક્ષી સમાચાર, બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

નવસર્જન સંસ્કૃતિ



નવસર્જન સંસ્કૃતિ

એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad- 382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### સમાજમાં એકતા, શિસ્ત, સંસ્કાર અને સકારાત્મકતા વધુ મજબૂત બનાવવા 'યોગ સંવાદ કાર્યક્રમ' જરૂરી:- શ્રી યોગસેવક શીશપાલજી

# મહેસાણા જિલ્લાના ફતેપુરા ગામ ખાતે રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી યોગસેવક શીશપાલજીની અધ્યક્ષતામાં ભવ્ય 'યોગ સંવાદ' યોજાયો

ગુજરાત રાજ્ય યોગ બોર્ડના અધ્યક્ષ શ્રી યોગસેવક શીશપાલજીની અધ્યક્ષતામાં મહેસાણા જિલ્લાના ખેરાલુ તાલુકાના ફતેપુરા ગામ ખાતે "વ્યક્તિ વિકાસથી રાષ્ટ્ર નિર્માણ" અને "વિકસિત ગુજરાત, વિકસિત ભારત"ના સંકલ્પ સાથે ભવ્ય 'યોગ સંવાદ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેરાલુ વિધાનસભાના ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરી પ્રેરક ઉપસ્થિત રહ્યા હતા.

અધ્યક્ષ શ્રી યોગસેવક શીશપાલજીએ જણાવ્યું હતું કે, યોગ માત્ર વ્યાયામ કે કસરત નથી, પરંતુ માનવ જીવનનું પરિપૂર્ણ સાધન છે, જે સ્વાસ્થ્ય, શાંતિ અને સંકલ્પ ત્રણેયનો આધાર છે. ગ્રામ્ય વિસ્તારોમાં યોગ પ્રત્યે જાગૃતિ લાવવાનો, ગ્રામજનોને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક રીતે વધુ સશક્ત બનાવવા અને આરોગ્ય સાથે સંસ્કારમય જીવનશૈલી તરફ પ્રેરિત કરવા આ સંવાદનું આયોજન હાથ ધરાયું છે.

વધુમાં શ્રી શીશપાલજીએ કહ્યું હતું કે, ફતેહપુરા ગામથી શરૂ કરવામાં આવેલી આ યાત્રા આદર્શ વિધાનસભા તરફનું પ્રથમ મહત્વપૂર્ણ પગલું બની છે. આ પહેલ હવે ગુજરાતના ગામે ગામને યોગમય બનાવવાની દિશામાં આગળ વધશે, જેથી માત્ર આરોગ્ય સુધારાશે નહીં, પરંતુ સમાજમાં એકતા, શિસ્ત, સંસ્કાર અને સકારાત્મકતા પણ મજબૂત બનશે. અધ્યક્ષશ્રી દ્વારા ગ્રામજનોને માત્ર સ્વસ્થ રહેવા માટે નહીં, પરંતુ પોતાના ગામના યોગ દૂત બનવા માટે પણ પ્રેરણા આપી હતી. ખાસ કરીને યુવાનોને યોગ શિક્ષક તરીકે તાલીમ લઈને ગામના દરેક નાગરિકને યોગ સાથે જોડવા અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં પ્રસ્સ્ભ્ર તેમજ દૂધસાગર ડેરીના ચેરમેન શ્રી અશોકભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ગ્રામ્ય સ્તરે યોગના પ્રચાર-પ્રસારથી ખેડૂત, શ્રમયોગી, ગૃહિણી, વિદ્યાર્થી સહિત સૌને તંદુરસ્તી સાથે માનસિક શાંતિ અને કાર્યક્ષમતા મળશે, જે વ્યક્તિગત તેમજ સામાજિક વિકાસ માટે આવશ્યક છે.

આ કાર્યક્રમમાં પ્રાણાયામથી લઈને વિવિધ આસનો સુધીના પ્રાયોગિક અભ્યાસ દ્વારા યોગના આરોગ્યપ્રદ તથા સર્વાંગી વિકાસના લાભોની વિગતવાર સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌએ સાથે મળીને સંકલ્પ કર્યો કે — "અમે યોગને જીવનનું અભિન્ન અંગ બનાવશું અને સ્વસ્થ, સશક્ત તથા સંસ્કારમય ગુજરાતના નિર્માણમાં પોતાનું યોગદાન આપીશું."

આ અવસરે ગુજરાત રાજ્ય યોગ બોર્ડની મહેસાણા જિલ્લા ટીમ સાથે આસપાસના ૨૦૦થી વધુ ગામોમાંથી ૧૦૦૦થી વધુ ખેડૂતો અને ગ્રામજનો જોડાયા હતા. ગામમાં વરિષ્ઠ નાગરિકોથી લઈને યુવા પેઢી સુધી સૌએ યોગાભ્યાસમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

- પ્રિન્સ ચાવલા

# ભવનગર મંડળ કચેરીના તમામ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા તિરંગા યાત્રાનું આયોજન



ભવનગર મંડળ દ્વારા "હર ઘર તિરંગા" અભિયાન અંતર્ગત દરરોજ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના નેતૃત્વમાં મંડળ કચેરી ખાતે ૧૧ ઓગસ્ટ, ૨૦૨૫ (સોમવાર)ના રોજ તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું, જેમાં મંડળના તમામ અધિકારીઓ અને કર્મચારીઓએ ભાગ લીધો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માના પ્રસ્થાન સંકેતથી આ તિરંગા યાત્રાની શરૂઆત કરવામાં આવી.

સ્વતંત્રતા દિવસના આગમનના અવસર પર મંડળ કચેરી, રેલવે મ્યુઝિયમ અને ભવનગર ટર્મિનસ રેલવે સ્ટેશનને તિરંગાની લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે. ૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ (મંગળવાર)ના રોજ સવારે ૭.૦૦ કલાકે "તિરંગા બાઈક રેલી"નું આયોજન કરવામાં આવશે. આ રેલી મંડળ કચેરીથી નીકળીને નીલમબાગ સર્કલથી જ્વેલ સર્કલ અને આરટીઓ સર્કલ થઈને ફરીથી મંડળ કચેરી ખાતે પૂર્ણ થશે.

પશ્ચિમ રેલવેના ભવનગર મંડળે આઝાદીનો જશ્ન મનાવવા અને રાષ્ટ્રીય ધ્વજ તિરંગા પ્રત્યે માન વ્યક્ત કરવા માટે સંપૂર્ણ તૈયારી કરી છે. ૧૫ ઓગસ્ટ, ૨૦૨૫ (શુક્રવાર)ના રોજ મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્મા દ્વારા ભવનગર મંડળ કાર્યાલયમાં રાષ્ટ્રીય ધ્વજ ફરકાવવામાં આવશે. ભવનગર ડિવિઝનના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલકુમાર ત્રિપાઠી અનુસાર ભવનગર મંડળમાં "હર ઘર તિરંગા" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેનો હેતુ જનમાનસ અને રેલ કર્મચારીઓના મનમાં દેશભક્તિની ભાવના જગાવવાનો છે અને જનભાગીદારીની ભાવના સાથે આઝાદીના ૭૮મા વર્ષગાંઠનો ઉત્સવ મનાવવામાં આવશે.

હર ઘર તિરંગા અભિયાનમાં રેલ કર્મચારીઓ, તેમના પરિવારજનો અને સામાન્ય જનતાની ભાગીદારી સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. સ્ટેશનો પર જાહેરાતો દ્વારા લોકોને આ અંગે અવગત કરવામાં આવી રહ્યું છે.

# રાજકોટમાં હચમચાવી નાખતી ઘટના : ૫ વરસની બાળકી રમતી હતી તેને નરાધમે ફલેટમાં લઈ જઈ માર મારી પીંખી નાખી: માસુમને હોસ્પીટલ ખસેડાઈ




### બાળકીના માતા પિતા કામ માટે બહાર ગયા હતા : મારકુટ કરી બાળકી સાથે બદકામ કર્યુ : ફરીયાદ ન નોંધાવવા માટે દબાણ કરવામાં આવ્યું

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજકોટમાં કાયદો વ્યવસ્થા કથળી છે. હવે બાળકીઓ પણ હવસખોરો થી ગભરાઈ અને ડરી રહી છે. બાળકીઓ હવે સહી સલામત રહેશે કે નહી તે પણ રાજકોટ વાસીઓ માટે ચિંતાના વાદળો ઘેરાયા છે.

રાજકોટમાં ૫ વરસની બાળકી પર દુષ્કર્મ આચર્યાની જઘન્ય ઘટના સામે આવી છે. રાજકોટ શહેરના ૧૫૦ ફુટ રીંગ રોડ પર અયોધ્યા ચોક પાસે આવેલા વિસ્તારમાં એપાર્ટમેન્ટમાં રહેતા અને અહીં ચોકીદારી કરનાર નેપાળી દંપત્તિની ૫ વરસની બાળકી સમી સાંજના ઘર પાસે રમતી હતી. ત્યારે ફલેટમાં રહેતા ફલેટ ધારકને ત્યાં કામ કરનાર રોહિત ભુવા નામના શખ્સે શેઠ ઘરે હાજર ન હોય બાળકીને ફલેટમાં લઈ જઈ તેની સાથે મારકુટ કરી દુષ્કર્મ ગુજાર્યુ હતું રક્ષાબંધનના દિવસે બનેલી આ ઘટના બાદ દંપત્તિને ફરીયાદ ન નોંધાવવા માટે દબાણ કરવામાં આવ્યુ હોય પરંતુ આજે સોમવારે આગેવાનોએ હિંમત આપતા દંપત્તિએ આ વાત પોલીસને જણાવી હતી. અને બાળકીને સારવાર માટે જનાના હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. બનાવ અંગે યુનિર્વસિટી પોલીસે ગુન્હો નોંધવા તજવીજ હાથ ધરી છે.

દુષ્કર્મના આ બનાવની જાણવા મળેલી માહિતી પ્રમાણે દોઢસો ફુટ રીંગરોડ પર અયોધ્યા ચોક પાસે નેત્રદીપ હોસ્પીટલ વાળી શેરીમાં આવેલા એપાર્ટમેન્ટમાં સફાઈ અને ચોકીદારનુ કામ કરનાર નેપાળી દંપત્તિની ૫ વરસની દીકરી સાથે દુષ્કર્મ આચરવામાં આવ્યુ હતું. નેપાળી સેવા સમાજના પ્રમુખ સંજીવરાજ કારતીયા દ્વારા જણાવ્યા મુજબ શનિવારે સમી સાંજના બાળકીના માતા પિતા કામ માટે બહાર ગયા હોય બાળકી ઓરડી પાસે રમતી હતી ત્યારે આ ફલેટમાં રહેતા ફલેટ ધારકને ત્યાં કામ કરનાર રોહિત ભુવા નામનો શખ્સ બાળકી પાસે આવ્યો હતો અને તેને લલચાવી ફોસલાવી શેઠના ફલેટ પર લઈ ગયો હતો. શેઠ હાજર ન હોય તેણે બાળકીને ફલેટ ઉપર લઈ ગયા બાદ બાળકીને પ્રથમ લલચાવ્યા ફોસલાવ્યા બાદ તેની સાથે મારકુટ કરી હતી અને ત્યારબાદ તેની સાથે બદકામ કર્યુ હતું. બાળકી ઘર પાસે નજરે ન પડતા તેના માતા પિતા ચિંતામાં મુકાઈ ગયા હતા અને ફલેટની આસપાસ શોધખોળ શરૂ કરી હતી.

દરમિયાન બાળકી ફલેટ પાસેથી મળી આવતા કંઈક અજુગતુ બન્યાની શંકા ગઈ હતી. પોતાનુ પાપ સામે આવી જતા રોહિત નામનો આ શખ્સ નાસી છુટયો હતો. બાદમાં બાળકીને તેના માતા પિતાએ આ બાબતે પુછતા આ શખ્સે તેની સાથે મારકુટ કરી દુષ્કર્મ આચર્યુ હોવાનુ પોતાની કાલી ઘેલી ભાષામાં જણાવ્યુ હતું. જેથી બાળકીના માતા પિતા ચોકી ઉઠયા હતા. બાળકીને ગુપ્ત ભાગે ઈજા પણ પહોચી હતી. જે તે સમયે દંપત્તિને ફરીયાદ ન નોંધાવવા માટે દબાણ કરવામાં આવ્યુ હોવાનુ પણ જાણવા મળ્યુ હતું. પરંતુ બાદમાં આ બાબતે નેપાળી સેવા સમાજના પ્રમુખ સંજીવ રાજ કારીકા સહિતના સમાજના આગેવાનોએ બાળકીના માતા પિતાને હિંમત આપતા અંતે તેમણે આ અંગે પોલીસને જાણ કરી હતી અને બાળકીને સારવાર માટે જનાના હોસ્પીટલમાં ખસેડવામાં આવી હતી. બનાવને લઈ યુનિર્વસિટી પોલીસ મથકના સ્ટાફે બાળકીના માતા પિતા પાસેથી હકીકત જાણી આ અંગે રોહિત ભુવા નામના આ શખ્સ વિરૂધ્ધ ગુન્હો નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

૫ વરસની બાળકી સાથે રક્ષાબંધનના દિવસે રાત્રીના દુષ્કર્મની આ ધૃણાસ્પદ ઘટના બની હતી. બાળકીના માતા પિતાને દિકરી સાથે રોહિત નામના શખ્સે આ કૃત્ય આચર્યાની જાણ થયા બાદ જે તે સમયે તેના માતા પિતાને આ બાબતે ફરીયાદ ન નોંધવા માટે દબાણ કરવામાં આવ્યુ હોવાનુ પણ જાણવા મળ્યુ હતું.

જો કે બાદમાં પરીવારજનો અને નેપાળી સમાજના આગેવાનોએ હિંમત આપતા બાળકીના માતા પિતા એ આ મામલે પોલીસને જાણ કરી હતી.

### સહાય બાદ સરકારના સહયોગથી મિશન સ્કુલ્સ એકસેલન્સનુ બોર્ડ પણ ફરજીયાત લગાડવુ પડશે

# હવેથી સહાય મેળવવા માટે ગ્રાન્ટેડ શાળાઓ માટે નવા નિયમો જાહેર કરાયા : બોર્ડ ગુણોત્સવનુ ૩ વરસનુ પરીણામ અને છેલ્લા વરસની હાજરીના આધારે સહાય મંજુર કરાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કુલો માટે સરકાર દ્વારા આર્થિક સહાય યોજના જાહેર કર્યા બાદ તે અંગેનો સત્તાવાર ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે. જે અનુસાર સ્કુલોએ આર્થિક સહાય મેળવવા માટે વિદ્યાર્થીઓની હાજરી, બોર્ડનુ પરીણામ અને ગુણોત્સવના પરીણામને ક્રાઈટેરીયા પુર્ણ કરવાના રહેશે, બોર્ડનુ છેલ્લા ૩ વરસનુ પરીણામ, ગુણોત્સવનુ ૩ વરસનુ પરીણામ અને છેલ્લા વરસની હાજરીના આધારે આ સહાય યોજના મંજુર કરવામાં આવશે. ઉપરાંત જે સ્કુલનુ મકાન ટ્રસ્ટ કે મંડળની માલીકીનુ હશે તેમને જ સહાય આપવામાં આવશે. મળતી માહિતી અનુસાર રાજયના શિક્ષણ વિભાગ દ્વારા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક સ્કુલોની માળખાકીય સુવિધાઓ સુદ્રઢ કરવા માટે આર્થિક સહાયની યોજના અમલમાં મુકી છે. આ યોજનાને લઈને શિક્ષણ વિભાગ દ્વારા ઠરાવ બહાર પાડવામાં આવ્યો છે જેમાં સહાય માટેના નિયમો નકકી કરાયા હોવાનુ પણ જાણવા મળે છે. જેમાં શાળાનુ મકાન , મંડળ અથવા ટ્રસ્ટની માલીકીનુ હોવુ જોઈએ. ઉપરાંત શાળામાં ધો. ૯ અને ૧૦ હોય તો કુલ વિદ્યાર્થીની સંખ્યા ઓછામાં ઓછી ૫૦ અને ધો. ૯ થી ૧૨ હોય તો કુલ વિદ્યાર્થીની સંખ્યા ઓછામાં ઓછી ૧૦૦ હોવી જરૂરી છે. આર્થિક સહાયમાં ૮૦ ટકા રકમ રાજય સરકાર દ્વારા આપવામાં આવશે અને ૨૦ ટકા રકમ શાળા સંચાલક મંડળ દ્વારા ભોગવવાની રહેશે. સહાયની મહત્તમ રકમ માટે પણ નિયમો નકકી કરાયા છે જેમાં ૫૦ થી ૧૦૦ વિદ્યાર્થી હોય તો મહત્તમ રૂપીયા ૨૦ લાખ, ૧૦૧ થી ૧૫૦ વિદ્યાર્થી હોય તો રૂપીયા ૩૦ લાખ, ૧૫૧ થી ૩૦૦ વિદ્યાર્થી હોય તો રૂપીયા ૫૦ લાખ, ૩૦૧ થી ૫૦૦ વિદ્યાર્થી હોય તો રૂપીયા ૭૫ લાખ, ૫૦૧ થી ૮૦૦ થી વિદ્યાર્થી હોય તો રૂપીયા ૧ કરોડ, ૮૦૧ થી ૧૨૦૦ વિદ્યાર્થી હોય તો રૂપીયા ૧.૨૫ કરોડ અને ૧૨૦૧ કરતા વધુ વિદ્યાર્થીઓના કિસ્સામાં મહત્તમ રૂપીયા ૧.૫૦ કરોડની આર્થિક સહાય આપવામાં આવશે. આ માટે સ્કુલોએ સમિતિ સમક્ષ દરખાસ્ત કરવાની રહેશે. દરખાસ્ત મળ્યા બાદ સમિતિ દ્વારા વિવિધ પાસાઓની છણાવટ કર્યા બાદ આર્થિક સહાય મંજુર કરાશે. સમિતિ દ્વારા જે પાસાઓની છણાવટ કરવામાં આવનાર છે તેમાં સ્કુલનુ છેલ્લા ૩ વરસનુ બોર્ડની પરીક્ષાનુ પરીણામ તપાસવામાં આવશે, બિન આદિજાતિ વિસ્તાર માટે ૭૫ ટકા અને આદિજાતિ વિસ્તાર માટે ૬૫ ટકા પરીણામ હોવુ જરૂરી છે. આ ઉપરાંત ગુણોત્સવના પરીણામને પણ ધ્યાનમાં લેવામાં આવશે જેમાં શહેરી વિસ્તાર માટે છેલ્લા ૩ શૈક્ષણિક વર્ષ પૈકી એક વર્ષમાં અ+ગ્રેડ તથા છેલ્લા બે વર્ષમાં અ-ગ્રેડ હોવો જોઈએ. જયારે ગ્રામ્ય વિસ્તાર માટે છેલ્લા ૩ શૈક્ષણિક વર્ષ પૈકી એક વર્ષમાં અ ગ્રેડ કે તેના કરતા વધુ ગ્રેડ હોવો જરૂરી છે. આ ઉપરાંત સ્કુલની સંચાલક મંડળની આર્થિક સધ્ધરતા પણ તપાસવામાં આવશે. આ સહાય માટે વિજ્ઞાન પ્રવાહની સ્કુલોને અગ્રતા આપવાનુ નકકી કરાયુ છે જયારે કન્યા શાળાઓને પણ અગ્રતા મળશે. મહત્તમ વિદ્યાર્થી સંખ્યા ધરાવતી સ્કુલો ને પણ અગ્રતા આપવાનુ આયોજન કરાયુ છે. સહાય માટેના માપદંડમાં છેલ્લા શૈક્ષણિક વર્ષમાં વિદ્યાર્થીઓની સરેરાશ હાજરી ૮૦ ટકા કે તેથી વધુ હોવી જોઈએ , આ સહાય હેઠળ સ્કુલમાં કામગીરી પુર્ણ થયા બાદ રાજય સરકારના સહયોગથી મિશન સ્કુલ્સ ઓફ એકસેલન્સ અંતર્ગત લખેલુ બોર્ડ ફરજીયાત લગાડવાનુ રહેશે.

### પ્રોજેક્ટ્સની કામગીરીમાં ગુણવત્તાયુક્ત કામો અંગે મુખ્યમંત્રીશ્રીએ જરૂરી સૂચનો કર્યા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ ઐતિહાસિક નગર વડનગરમાં હાથ ધરાઈ રહેલા અદ્યતન વિકાસ પ્રોજેક્ટ કામોની નિરીક્ષણ મુલાકાતે

### પાર્કિંગ - એમ્ફી થિયેટર – પાથ-વે - ફૂડ પ્લાઝા સહિતની વધુ સુવિધાઓ વડનગર આવનારા પ્રવાસીઓને ઉપલબ્ધ થશે

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઐતિહાસિક અને પુરાતત્વીય ધરોહર સમાન વડનગરમાં રાજ્ય-કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરાઈ રહેલા મહત્વના વિકાસ પ્રોજેક્ટ્સની કામગીરી પ્રગતિનું નિરીક્ષણ સ્થળ મુલાકાત લઈને કર્યું હતું.

વડનગરના રેલ્વે સ્ટેશન સામે નિર્માણ થઈ રહેલા મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબની કામગીરી ઝડપથી પૂર્ણ થઈ શકે તે માટે રેલ્વે અને રાજ્ય સરકારના ટુરીઝમ ડિપાર્ટમેન્ટ વચ્ચે આ પ્રોજેક્ટના યોગ્ય કો-ઓર્ડીનેશન અને ઈન્ટીગ્રેશન માટે મુખ્યમંત્રીશ્રીએ સંબંધિત અધિકારીઓને જરૂરી સુચનાઓ આપી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને પગલે પુરાતત્વિય અને ઐતિહાસિક નગરી વડનગરનો ઉત્તરોત્તર વિકાસ થઈ રહ્યો છે. જેને પગલે મુસાફરો અને યાત્રિકો માટે પર્યટનની સુવિધાને વધુ સુદ્રઢ બનાવવાના ઉદ્દેશથી વડનગર રેલવે સ્ટેશનથી શહેરના મુખ્ય જોવાલાયક સ્થળો સાથે જોડતું મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટ હબ અને પબ્લિક પ્લાઝાનું અંદાજે રૂ. ૧૭ કરોડના ખર્ચે નિર્માણ થઈ રહ્યું છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાર્કિંગ, વિશ્રામ એરિયા, કાફે ટેરિયા જેવી સુવિધાઓ ઊભી કરવામાં આવશે. તેમજ સમગ્ર પરિસરમાં બે હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવનાર છે તેનું પણ મુખ્યમંત્રીશ્રીએ નિરીક્ષણ કર્યું હતું.

સ્વદેશ દર્શન યોજના અન્વયે હેરિટેજ સર્કિટમાં વડનગરના શર્મિષ્ઠા તળાવ, તાનારીરી પાર્ક અને આસપાસના તળાવો, લટેરી વાવ, અંબાજી કોઠા તળાવ, રેલવે સ્ટેશન, ફોર્ટવોલ વગેરેનો વિકાસ કરવામાં આવી રહ્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ હબની હાથ ધરાઈ રહેલી કામગીરીની પ્રગતિનું સ્થળ નિરીક્ષણ કરીને ગુણવત્તા જાળવણી માટેના જરૂરી સૂચનો કર્યા હતા.

ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા વિકસાવાઈ રહેલા આ મલ્ટી મોડેલ ટ્રાન્સપોર્ટટેશન હબની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લઈ કામગીરી નિરીક્ષણ કર્યું તે વેળાએ પ્રવાસન સચિવ શ્રી ડૉ. રાજેન્દ્ર કુમારે તેમને પ્રોજેક્ટની પ્રગતિની સંપૂર્ણ વિગતોથી માહિતગાર કર્યા હતા.

આ પ્રસંગે ધારાસભ્યશ્રી કે. કે. પટેલ, પ્રવાસન અને દેવસ્થાન વિભાગના સચિવશ્રી રાજેન્દ્રકુમાર, પ્રવાસન કમિશ્નર શ્રી પ્રભવ જોષી, પવિત્ર યાત્રા વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજા, જિલ્લા કલેકટરશ્રી એસ. કે. પ્રજાપતિ ,જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જસ્મીન અને પ્રવાસન વિભાગના અધિકારીઓ તેમજ ઉપસ્થિત રહ્યા હતા.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના વડનગરના પૌરાણિક હાટકેશ્વર મહાદેવના શ્રાવણ માસના ત્રીજા સોમવારે પૂજન-અર્ચન કર્યા

### રાજ્ય સરકાર દ્વારા હાટકેશ્વર મંદિરનો સ્વદેશ દર્શન યોજના અને હેરિટેજ સર્કિટ પ્રોજેક્ટમાં સમાવેશ થયો છે: મંદિર પરિસર વિકાસના બીજા તબક્કામાં પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા રૂ. ૪.૨૨ કરોડના કામો પૂર્ણ





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ઉત્તર ગુજરાતના વડનગર સ્થિત અને પૌરાણિક મહત્વ ધરાવતા હાટકેશ્વર મહાદેવના દર્શન પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે ભક્તિભાવ પૂર્વક કર્યા હતા. તેમણે રાષ્ટ્ર અને રાજ્યના સતત વિકાસ અને પ્રગતિ તથા સૌ નાગરિકોની સુખાકારી, સમૃદ્ધિ, શાંતિ માટે હાટકેશ્વર દાદાને પ્રાર્થના કરી હતી.

હાટકેશ્વર મંદિરનો સ્વદેશ દર્શન યોજના અને હેરિટેજ સર્કિટ પ્રોજેક્ટમાં સમાવેશ કરવામાં આવ્યો છે. એટલું જ નહીં, મંદિર પરિસરમાં યાત્રી સુવિધા વિકાસના પ્રથમ તબક્કાના રૂ. ૧૮ કરોડના કામો અને બીજા તબક્કામાં રૂ. ૪.૨૨ કરોડના અનુદાનથી ગર્ભ ગૃહ, સભામંડપ, શિખર તથા યજ્ઞશાળા અને સ્વાગત કેન્દ્રના કામો પૂરા થયા છે. ગુજરાત પ્રવાસન નિગમે તાજેતરમાં જ રૂ. ૫.૫૩ કરોડના ખર્ચે હાટકેશ્વર મંદિરના ઐતિહાસિક અને પૌરાણિક મહત્વને પ્રસ્તુત કરતો લાઈટ એન્ડ સાઉન્ડ શો પણ કાર્યરત કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ હાટકેશ્વર મંદિરમાં પૂજન-દર્શન કર્યા તે અવસરે આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, પ્રવાસન અને દેવસ્થાન વિભાગના સચિવશ્રી રાજેન્દ્રકુમાર પવિત્ર યાત્રા વિકાસ બોર્ડના સચિવ શ્રી રમેશ મેરજા,અગ્રણી ગીરીશભાઈ રાજગોર, ધારાસભ્યશ્રી કે કે પટેલ,જિલ્લા કલેકટર એસ કે પ્રજાપતિ, જિલ્લા વિકાસ અધિકારી ડૉ હસરત જસ્મીન, નિવાસી અધિક કલેકટર જે કે જેગોડા, વડનગર શહેર અને તાલુકા વહિવટીતંત્રના અધિકારીશ્રીઓ, પદાઅધિકારીશ્રીઓ, હાટકેશ્વર મહાદેવ સંસ્થાન વડનગરના ટ્રસ્ટના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### સેવા સાથે સ્વાવલંબન: આંગણવાડીમાં જોડાવા ૯૦૦૦થી વધુ બહેનો માટે સુવર્ણ તક

# કુપોષણ ઘટાડવા, બાળ આરોગ્ય સુધારવા અને સ્થાનિક સ્તરે મહિલાઓને રોજગારી આપવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ

### આંગણવાડી કાર્યકર અને તેડાગર તરીકે જોડાવા ઈચ્છુક મહિલાઓ તા. ૩૦ ઓગસ્ટ સુધી e-HRMS વેબ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન અરજી કરી શકશે

વિકસિત ભારતના નિર્માણમાં સમાજને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવામાં મહિલાઓની ભૂમિકા એક અજોડ ઉદાહરણ બની રહી છે. ગુજરાત સરકાર દ્વારા સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોની ૯૦૦૦થી વધુ જગ્યાઓ પર માનવબળની જાહેરાત કરવામાં આવી છે. આંગણવાડીમાં માનવબળ વધવાથી કુપોષણ ઘટાડવા, બાળ મૃત્યુદર નિયંત્રણમાં લાવવા અને સ્થાનિક કક્ષાએ આરોગ્ય-પોષણનું સ્તર સુધારવાનો ધ્યેય સફળ થશે. આ તક રાજયની અનેક મહિલાઓને સ્વાવલંબી બનાવી પોતાના ઘરઆંગણે જ રોજગારીની તક આપશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તથા મહિલા- બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાના નેતૃત્વમાં ગુજરાતની મહિલાઓને આત્મનિર્ભર બનાવવા રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. કુપોષણ ઘટાડવા, બાળ આરોગ્ય સુધારવા અને સ્થાનિક સ્તરે મહિલાઓને રોજગારી આપવા રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે. આંગણવાડીમાં આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોની જગ્યાઓ પર કામ કરવા ઈચ્છુક મહિલાઓ આગામી તા. ૩૦ ઓગસ્ટ ૨૦૨૫ સુધી ઈ-એચઆરએમએસ વેબ પોર્ટલના માધ્યમથી ઓનલાઈન અરજી કરી શકે છે.

સ્થાનિક કક્ષાએ આરોગ્ય અને પોષણનું સ્તર ઉંચુ લાવવા માટે આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનોની ભૂમિકા ખૂબ જ અગત્યની છે. ગુજરાતમાં જાહેર કરવામાં આવેલી માનવબળની કુલ જગ્યાઓમાં સૌથી વધુ કચ્છ જિલ્લામાં ૬૧૯, અમદાવાદ મહાનગરપાલિકામાં ૫૬૮, બનાસકાંઠામાં ૫૪૭, આણંદમાં ૩૯૪ અને મહેસાણામાં ૩૯૩ જેટલી મહિલાઓની પસંદગી કરવામાં આવશે. આ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી કરવાની પદ્ધતિની માર્ગદર્શિકા https://e-HRMS. gujarat. gov.in વેબસાઈટ પર મુકવામાં આવી છે. આંગણવાડીમાં અરજી કરવા માટે ગ્રામીણ સ્તરે કામ કરતા VCE મારફતે પણ ફોર્મ ભરી શકાશે. આ જગ્યાઓ માટે અરજી કરનાર મહિલાઓની જિલ્લા પ્રમાણે મેરીટ આધારે પસંદગી કરવામાં આવશે. સાથે જ અગાઉ આંગણવાડીમાં તેડાગર બહેનોની જગ્યા પર ૧૦ વર્ષ કે તેથી વધુ વર્ષનો અનુભવ હશે તેમને આંગણવાડી કાર્યકર તરીકે પસંદગી કરવામાં અગ્રતા આપવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, આંગણવાડી કાર્યકર માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ અથવા ધોરણ ૧૦ પાસ, AICTE માન્યતા પ્રાપ્ત કોઈ પણ ઓછામાં ઓછો બે વર્ષનો કોર્સ પાસ કરેલો હોવો જરૂરી છે. આંગણવાડી તેડાગર માટે લઘુતમ શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ રાખવામાં આવી છે. આ માનદસેવામાં અરજી કરવા માટે ૧૮ થી ૩૩ વર્ષની ઉંમર હોય તે મહિલા જ અરજી કરી શકે છે.પસંદગી પામેલી મહિલાઓએ સંકલિત બાળ વિકાસ સેવાઓની યોજના હેઠળ છ વર્ષથી નાના બાળકો, સર્ગભા બહેનો, ધાત્રી માતાઓ, તથા કિશોરીઓનું આરોગ્ય અને પોષણનું સ્તર સુધારી ગુણવત્તાસભર બનાવનું સેવાકીય કામ કરવાનું છે. સ્થાનિક કક્ષાએ આરોગ્ય અને પોષણ સ્તર વધુ ઉંચુ લાવવા માટે આ બહેનોની ભૂમિકા ખૂબ જ અગત્યની સાબિત થશે. તેમના દ્વારા લાભાર્થી જૂથોને પોષણ સહાય, માતા અને બાળકોની સંભાળ, અનૌપચારિક પૂર્વ પ્રાથમિક શિક્ષણ, આરોગ્ય વિષયક સેવાઓ જેવી કામગીરી કરવામાં આવે છે.

આંગણવાડી કાર્યકરે તેમના પોતાના જ રહેઠાણ વિસ્તારમાં સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત કાર્યકર તરીકે કામગીરી કરવાની હોય છે.

આ કામગીરીમાં મુખ્યત્વે જન્મથી ૩ વર્ષ સુધીના બાળકોનું નિયમિત વજન, ઊંચાઈ, આરોગ્ય કર્મી સાથે રહીને આરોગ્ય તપાસ તથા ટેક હોમ રેશન પુરૂ પાડવાનું હોય છે. આ સિવાય બે સમયનો ગરમ નાસ્તો, પૂર્વ-પ્રાથમિક શિક્ષણ, સર્ગભા તથા ધાત્રી માતાને પોષણક્ષમ આહાર આપવાનો હોય છે. આ ઉપરાંત તેમના આરોગ્ય, તપાસ, રસીકરણ, કિશોરીઓને આરોગ્ય શિક્ષણ તથા ટેક હોમ રેશન આપવાનું હોય છે. તેડાગર બહેનોએ આંગણવાડીને સ્વચ્છ રાખવા, પૌષ્ટિક નાસ્તો તૈયાર કરવા અને બાળકોને સુરક્ષિત રીતે લાવવા-લઈ જવાની જવાબદારી પણ નિભાવવાની રહેશે. - ઋચા રાવલ

### હવેથી દર વરસે ૩૦ જુન અગાઉ દુધનો ભાવવધારો

# સાબરડેરીનો વાર્ષિક દુધ વધારો જાહેર : ડેરીએ નકકી કરેલ ૯૯૫ રૂપીયાનો ભાવવધારો સાધારણ સભામાં મંજુર

### સાબરકાંઠા / અરવલ્લી જિલ્લાની એકપણ મંડળીએ વિરોધ ન કર્યો : ભાવફેરના મુદ્દે પશુપાલકોએ આંદોલન કર્યુ હતું

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાની સાબરડેરીનો વાર્ષિક દુધનો ભાવવધારો જાહેર કરાયો છે જેમાં ડેરીએ નકકી કરેલ ૯૯૫ રૂપીયાનો ભાવવધારો ૬૧ મી સાધારણ સભામાં મંજુર કરાયો છે. પશુપાલકોને કુલ ૬૫૩ કરોડનો ભાવવધારો અપાયો છે. ઉલ્લેખનીય છે કે ગત વરસે ૬૦૨ કરોડનો ભાવવધારો અપાયો હતો.




આજે સોમવારે મળેલી ૬૧ મી સાધારણ સભામાં અન્ય ઠરાવો પણ પસાર કરાયા હતા હવેથી દર વરસે ૩૦ જુન અગાઉ દુધનો ભાવવધારો અપાશે તથા સાધારણ સભામાં ચેરમેન અને સેક્રેટરીને પણ સ્થાન મળશે, હિંમતનગર સ્થિત સાબરડેરીમાં તા. ૧૧ મી ને સોમવારના રોજ ૬૧ મી વાર્ષિક સાધારણ સભા મળી હતી જેમાં વાર્ષિક દુધનો ભાવવધારો જાહેર કરાયો હતો. સાબરડેરી દ્વારા નકકી કરાયેલા ૯૯૫ રૂપીયા ભાવવધારો મંજુર કરાતા પશુપાલકોને રાહત મળી છે. ૬૧ મી સાધારણ સભામાં અન્ય ઠરાવો પણ પસાર કરાયા હતા તે મુજબ હવેથી દર વરસે ૩૦ જુન અગાઉ દુધનો ભાવવધારો અપાશે તથા ૩૦ જુન પહેલા દુધનો ભાવવધારો ચુકવાઈ જશે તેવો પણ નિર્ણય લેવાયો છે. આજે મળેલી ૬૧ મી સાધારણ સભામાં બંને જિલ્લામાંથી એકપણ મંડળીએ વિરોધ કર્યો ન હતો અને સર્વાનુમતે સાધારણ સભા સંપન થઈ હતી. તો બીજી તરફ હવેથી ચેરમેન તેમજ સેક્રેટરીને પણ સાધારણ સભામાં સ્થાન મળશે, સભામાં ૬૫૩ કરોડનો કુલ ભાવવધારો અપાયો છે. જયારે ગયા વરસે ૬૦૨ કરોડનો ભાવવધારો અપાયો હતો.

# વડોદરા શહેરમાં ૧૦૦ કરોડના ખર્ચે નવુ નર્મદા ભુવન બનશે : બે જર્જરીત ઐતિહાસિક બિલ્ડીંગોને તોડી પડાશે

પ્રતિનિધિ,ગાંધીનગર

ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ આર એન્ડ બી વિભાગ સફાળુ જાગ્યુ છે. વડોદરામાં ૪૦ થી વધુ ઈમારતો ચકાસવામાં આવી રહી છે. જયારે બે જર્જરીત ઐતિહાસિક ઈમારતો તોડી પાડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે જેમાંથી કુબેર ભવન અને નર્મદા ભવનનું રેટ્રો ફીટીંગ કરવામાં આવશે. આ બંને ભવનમાં આવેલી ઓફીસોને ૨૦ દિવસમાં ખાલી કરવા માટે આર એન્ડ બી વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આટલી બધી ઓફીસો કયાં લઈ જવી તે પણ તંત્ર માટે સમસ્યા ઉભી કરશે,



વડોદરા શહેરમાં ૮ માળના નર્મદા ભવનને રૂપીયા ૧૦૦ કરોડના ખર્ચે નવુ નર્મદા ભુવન બનાવવાનુ આયોજન કરવામાં આવ્યુ છે. ગંભીર બ્રિજ દુર્ઘટના એ રાજયમાં વરસો જુના સરકારી બાંધકામોએ સરકારની ચિંતા વધારી દીધી છે. ગંભીરબ્રિજ જેવી દુર્ઘટના બીજે સ્થળે ન થાય તે માટે સરકારી બાંધકામોને ચેકીંગ કરવાની સુચના આપવામાં આવી છે. આર એન્ડ બી વિભાગે સરકારી બાંધકામનુ ચેકીંગ કરવામાં આવી રહ્યુ છે. આર એન્ડ બી વિભાગ દ્વારા સમયાંતરે તપાસ કરવામાં આવતી હોય છે. બે ઈમારતો જર્જરીત જણાતા તેમનો રીપોર્ટ તૈયાર કરી સરકાર પાસે તોડી પાડવાની મંજુરી માંગવામાં આવી છે.

પાદરા ગંભીરા બ્રિજ દુર્ઘટના બાદ આર એન્ડ બી વિભાગ સજાગ થયુ છે. કુબેરભવન અને નર્મદા ભવનનુ રેટ્રો ફીટીંગ કરવામાં આવશે. આર એન્ડ બી વિભાગ દ્વારા તપાસ બાદ નિર્ણય લેવામાં આવ્યો છે. કોઠી કચેરીન બે જર્જરીત ઈમારત તોડી પાડવા સરકાર પાસે મંજુરી મંગાવવામાં આવી છે. નર્મદા ભવન અને કુબેર ભવનમાં ૯૦ થી વધુ સરકારી કચેરીઓ આવેલી છે. દૈનિક ૨૦૦૦ થી વધુ લોકો સરકારી કામકાજ અર્થે કચેરીઓમાં આવે છે. બંને સરકારી ઈમારતોની કચેરી અન્યત્ર ખસેડવા આર એન્ડ બી વિભાગે નોટીસો આપી છે.

૭ કરોડના ખર્ચે ઈમારતોને ભુકંપ પ્રુફ બનાવવામાં આવશે. ૧૦૦ કરોડના ખર્ચે નર્મદા ભુવન બનાવવામાં આવશે. ૮ થી ૧૦ મહિના સુધી ઈમારતોનુ સમારકામ ચાલશે. આટલી બધી ઓફીસો કયાં લઈ જવી તે તંત્ર માટે સમસ્યા ઉભી કરી રહ્યુ છે.

# ગાંધીનગરમાં એસઆરપી જવાનો માટેના કવાટર્સ ખાલી કરાવવાના આયોજનમાં હવે વિલંબ થશે

### એસઆરપી નુ મગોડી ખાતે હેડ કવાર્ટર તૈયાર નહી હોવાથી આ આયોજન અટવાઈ ગયું : ૧૨૦૦ આવાસ ગણતરીના સમયમાં ખાલી થાય તેવુ આયોજન હતું

પ્રતિનિધિ,ગાંધીનગર

પાટનગર ગાંધીનગરમાં સરકારના વિવિધ વિભાગોની અનેક કચેરીઓ આવેલી છે અને સરકારી કચેરીઓના કર્મચારીઓને રહેવા માટે સરકાર દ્વારા કવાર્ટસ ફાળવવામાં આવતા હોય છે. હાલ સરકારી આવાસો માટે ૫ થી ૬ હજાર જેટલી પ્રતિક્ષા યાદી પેન્ડીંગ છે.

ત્યારે એસઆરપી જવાનો અને કમાન્ડોને ફાળવવામાં આવેલા ૧૨૦૦ આવાસ ગણતરીના સમયમાં ખાલી થાય તેવુ આયોજન હતું. પરંતુ એસઆરપીનુ મગોડી ખાતે હેડ કવાર્ટર તૈયાર નહી હોવાથી આ આયોજન અટવાઈ ગયુ છે.


સુત્રોના કહેવા પ્રમાણે ગાંધીનગર નજીક આવેલા મગોડી ગામમાં પોલીસ આવાસ યોજના માટે જમીન ફાળવવામાં આવી હોવા છતાં, આજ દીન સુધી આવાસ નિર્માણનુ કામ શરૂ થયુ નથી, આ સ્થિતિને કારણે વિવિધ જુથના લગભગ ૧૨૦૦ જેટલા કમાન્ડો અને પોલીસ જવાનોને ગાંધીનગરના સેકટરોમાં મકાનો ફાળવવામાં આવ્યા છે. આ આવાસ ખાલી થાય તો સરકારી કર્મચારીઓને ફાળવવાની ગણતરી તંત્ર રાખી રહ્યુ હતું.

ગાંધીનગર શહેરમાં વરસો જુના સરકારી કવાર્ટસ જર્જરીત બનીને ભયજનક કેટેગરીમાં આવતા તેવા કવાટર્સ ખાલી કરાવાઈ રહ્યા છે. નવા કવાર્ટસ બનાવવામાં સ્વભાવિક સમય લાગે છે તો બીજી તરફ કવાર્ટસ મેળવવા માટેની કર્મચારીઓની પ્રતિક્ષા યાદી મોટી થઈ રહી છે. તો બીજી તરફ મગોડીમાં એસઆરપીના હેડ કવાર્ટર માટે ફાળવેલી જમીન પર કોઈ કામગીરી શરૂ થઈ નથી. આ વિલંબને કારણે પોલીસ કર્મીઓ અને તેમના પરીવારોને રહેઠાણની સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. પણ નજીકના ભવિષ્યમાં આ કવાર્ટસ ખાલી થાય તેવી શકયતા દેખાતી નથી.

# બીએપીએસ સંચાલીત પ્રેમવતી રેસ્ટોરન્ટને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને રૂ.૧૦ હજાર નો દંડ ફટકાર્યો: ગ્રાહકને વાસી થેપલા આપ્યા હતા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદમાં પ્રેમવતી રેસ્ટોરન્ટને અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને દંડ ફટકાર્યો છે. ગ્રાહકને એકસપાયરી ડેટ વાળા થેપલા પધરાવી દીધા હતા જેના કારણે કોર્પોરેશને દંડ ફટકાર્યો છે. બેદરકારી મામલે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશને પ્રેમવતી રેસ્ટોરન્ટને દંડ ફટકાર્યો છે. શાહીબાગના પ્રેમવતી રેસ્ટોરન્ટનો વિડીયો વાયરલ થયો હતો. વિડીયો વાયરલ થતા કોર્પોરેશને કરી હતી તપાસ અને તપાસમાં બેદરકારી જોવા મળતા રૂપીયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો હતો. શાહીબાગ માં આવેલ બીએપીએસ સંચાલીત પ્રેમવતી માં ગ્રાહકને ફુગવાળા અને એકસપાયરી ડેટના થેપલા પધરાવી




દેવાનો વિડીયો વાયરલ થતા ફરી વિવાદ સર્જાયો છે. ફુગવાળા અને એકસપાયરી ડેટના થેપલા અપાતા ગ્રાહકે ફુગવાળા થેપલા પરત આપતો વિડીયો વાયરલ કરતા કોર્પોરેશનના ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા પ્રેમવતી ઉપહાર ગૃહને રૂપીયા ૧૦ હજારનો દંડ ફટકાર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે અગાઉ એક ગ્રાહકે પ્રેમવતી રેસ્ટોરન્ટમાં ખાદ્યપદાર્થમાં વંદો નિકળવાની ફરીયાદ કરતો વિડીયો વાયરલ થવાને પગલે કોર્પોરેશનના ફુડ વિભાગે પ્રેમવતી ઉપહાર ગૃહ રેસ્ટોરન્ટને સીલ માર્યુ હતું.

શાહીબાગ વિસ્તારમાં આવેલા સ્વામિ નારાયણ મંદિર (બીએપીએસ) દ્વારા સંચાલીત પ્રેમવતી રેસ્ટોરન્ટમાં ગઈ તા. ૭ ઓગસ્ટ એટલે કે બે ત્રણ દિવસ અગાઉ થેપલા લેવા ગયેલા એક ગ્રાહકને ફુગવાળા અને એકસપાયરી ડેટના થેપલા હોવાનુ જોવા મળ્યુ હતું. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનના ફુડ વિભાગ દ્વારા મોલ, ગૃહમંડળીઓમાં વેચાતી ખાદ્ય ચીજોના પેકીંગ સાથે ચેડા કરાયા છે કે નહી, મેન્યુફેકચરીંગ ડેટ, એકસપાયરી ડેટ મુળભુત વિગતો છુપાવવા સ્ટીકર લગાવાયા છે કે નહી, તે પણ તપાસવુ જોઈએ, પરંતુ કોર્પોરેશનના ફુડ વિભાગ આવી બાબતોનુ ચેકીંગ કરતો જ નથી,

### અસ્તિત્વ માટે લડવુ પડે તેવી ગંભીર સ્થિત ઉભી થઈ રહી છે

# સંખ્યાબળ ઘટે તો આપોઆપ તાકાત ઘટી જાય: પાટીદાર ૩ થી ૪ બાળકો પેદા કરે: આર પી પટેલ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સમાજનુ સંખ્યાબળ ઘટતુ જાય છે અને તેના કારણે આપોઆપ સામાજિક તાકાત અને રાજકીય શકિત પણ ઘટતી જાય છે અને અસ્તિત્વ માટે લડવુ પડે તેવી ગંભીર પરીસ્થિતિ ઉભી થઈ રહી છે. તે બાબતે ચિંતા વ્યકત કરી ઓછામાં ઓછા ૩ થી ૪ બાળકો પેદા કરવા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના વડા આર પી પટેલે પાટીદાર સમાજને અપીલ કરી છે.




નખત્રાણામાં પાટીદાર વિદ્યાર્થી ભવન ખાતે દેશભરમાંથી આવેલા કચ્છ કડવા પાટીદાર સમાજના સભ્યોને સંબોધન કરતા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સુપ્રિમોએ જણાવ્યુ હતુ કે સમાજમાં ભ્રૂણ હત્યાનુ દુષણ બંધ થયા બાદ વન ચાઈલ્ડ નો એક નવો ટ્રેન્ડ ચાલુ થયો છે. અને કેટલાક પરીવારે તો નાનો ચાઈલ્ડનો ટ્રેન્ડ શરૂ કર્યો છે. તે સામે લાલબત્તી ધરતા તેમણે સભામાં ૩ થી ૪ બાળકો પેદા કરવાની ભલામણ કરી હતી. સમાજની ઘટતી જતી વસ્તી વચ્ચે અસામાજિક તત્વો દ્વારા જમીન અને મિલ્કતના જે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. તે સામે સમાજ સંગઠીત થઈને નહી લડે તો આપણી સંપત્તિ અને જમીન જતા વાર નહી લાગે, તેવી ગંભીર ચેતવણી આપતા સમાજની યુવા પાંખને આ માટે તત્પર રહેવા આર પી પટેલે જણાવ્યુ હતું.

ભુજ ખાતે ૧૪ સપ્ટેમ્બરના રોજ ફાઉન્ડેશન દ્વારા યોજાનારા રક્ષા દિક્ષા મહોત્સવમાં કચ્છની ૧૧ હજાર દિકરીઓને કટાર આપવામાં આવનાર હોવાની માહિતી પણ તેમણે આપી હતી. કચ્છ કડવા પાટીદાર સમાજના સત પંથ અને સનાતન સંપ્રદાયના ભાઈઓ વચ્ચે ચાલી રહેલા વિવાદ બાબતે આર પી પટેલે જણાવ્યુ હતુ કે આ સમસ્યા માત્ર કચ્છ કડવા પાટીદાર સમાજની નથી પણ સમગ્ર સનાતની સમાજની છે. મોટાભાગના પરીવારો જયારે સમાજના મુખ્ય પ્રવાહમાં આવી ગયા છે ત્યારે બાકી રહેતા પરીવારો પણ ચોકકસ આવી જશે. તેવો વિશ્વાસ વ્યકત કરી આ માટે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા થઈ રહેલા પ્રયાસોની વિગતો આપી હતી.

### પ્રજાએ સમસ્યાઓની ફરીયાદ કરતા કોર્પોરેટરોએ રહીશો જોડે દાદાગીરી સાથે વાત કરતા હોબાળો

# પ્રજાના કામ કરવા નથી અને નેતાઓની ખુલ્લેઆમ દાદાગીરી : ભાજપના નેતાઓ બોલવામાં ભાન ભુલ્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ચુંટાયેલા નેતાઓ સામે પ્રજા હવે જાગૃત બની રહી છે. અમદાવાદ શહેરના નિકોલ વિસ્તારમાં રાઉન્ડમાં નિકળેલા ભાજપના કોર્પોરેટરો અને ધારાસભ્યને સ્થાનિક રહીશોએ ઘેરી લઈને આ વિસ્તારના પ્રશ્નો કેમ ઉકેલાતા નથી, નાગરીકો પ્રશ્નોના ઉકેલ માટે મોબાઈલ ફોન કરે ત્યારે ફોન કેમ ઉપાડતા નથી, એવા પ્રશ્નનો મારો ચલાવ્યો હતો. સ્થાનિક લોકો દ્વારા ઉગ્ર રજુઆત કરાતા ભાજપના ધારાસભ્ય અને કોર્પોરેટર બંને ઉગ્ર થઈ ગયા હતા. જે અંગેનો વિડીયો પણ સોશીયલ મીડીયામાં પુર જોશમાં વાયરલ થઈ ગયો હતો.



અમદાવાદ વિસ્તારમાં આવતો નિકોલ વોર્ડ જે દસ્કોઈ વિધાનસભામાં આવે છે દરેક વોર્ડમાં રવિવારે ધારાસભ્યો અને કોર્પોરેટરોએ હોદેદારો સાથે રાઉન્ડ લેવા અંગેની સુચના બાદ દર રવિવારે રાઉન્ડ લેવાની શરૂઆત કરવામાં આવી છે. ગઈ કાલે ૧૦ ઓગસ્ટના રોજ સાંજે દસ્કોઈ વિધાનસભાના ભાજપના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ નિકોલ વોર્ડ ના કોર્પોરેટર બળદેવ પટેલ, દિપક પંચાલ , વિલાસબેન દેસાઈ અને ઉષાબેન રોહિત, શહેર મહામંત્રી પરેશ લાખાણી, નિકોલ વોર્ડ પ્રમુખ પ્રવિણ પટેલ, સહિતના હોદેદારો અને કાર્યકર્તાઓ નિકોલ વિસ્તારમાં અમર જવાન સર્કલ પાસે રાઉન્ડમાં નિકળ્યા હતા. દરમિયાનમાં ફલેટની પાસે પહોચતાજ સ્થાનિક લોકોના ટોળેટોળા ભેગા થઈ ગયા હતા.

ભાજપના ધારાસભ્યની હાજરીમાં કોર્પોરેટર બળદેવભાઈ ફોન ઉપાડતા નથી, એક વરસથી લોકો હેરાન થાય છે, છતાં પણ ફોન ઉપાડતા નથી, લોકોના ફોન તો ઉપાડવા જોઈએ તેવુ કહ્યુ હતું. નિકોલ વિસ્તારના સ્થાનિક રહીશોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. જેના કારણે ધારાસભ્ય અને કોર્પોરેટર બંને ઉગ્ર થઈ ગયા હતા અને તુ તુ મે મે જેવા દ્રશ્યો સર્જાયા હતા. છેવટે ધારાસભ્યએ તમારે કોઈ કામ હોય તો મને મળવા આવવાનુ, ફોન કરવાનો એવુ કહીને શાંત પાડયા હતા. પ્રજાજનોને રોડ, પાણી, ગટર, સફાઈ અને લાઈટની સુવિધાના કામો કર્યા છે. તે જણાવવાની જગ્યાએ કોર્પોરેટર બળદેવ પટેલ લાઈબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર અને ઓપન પાર્ટી પ્લોટ બનાવ્યા એવુ બધુ બતાવ્યા લાગ્યા હતા. પ્રજાની વાત ન સાંભળતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. કોર્પોરેટરોની કામગીરીને લઈને નારાજગી જોતા એક તબકકે ધારાસભ્યએ પણ કોર્પોરેટરને ત્યાંથી જતા રહેવા કહ્યુ હતું.

# દક્ષિણ ગુજરાતની આશ્રમ શાળાઓમાં ભ્રષ્ટાચારનો પર્દાફાશ : યુવરાજસિંહ જાડેજાના ગંભીર આક્ષેપો

પ્રતિનિધિ,ગાંધીનગર

વલસાડ જિલ્લાના સુથારપાડા, આશ્વાલોના, શાહુડા, વેરીભવાડા, ચાઉશાળા, સુલીયા અને સીલઘા જેવા ગામડાઓમાં સ્થિત આશ્રમ શાળાઓમાં ચાલતા ભ્રષ્ટાચારનો પર્દાફાશ થયો છે. વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પુરાવા સાથે ગંભીર આક્ષેપો કર્યા છે. જેમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પાસેથી ગેરકાયદેસર રૂપીયા ઉઘરાવવામાં આવતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે.



આક્ષેપો અનુસાર આશ્રમ શાળાઓના વિકાસના નામે ૪૫ ગ્રાન્ટેડ શિક્ષકો પાસેથી દર વરસે ૫૦ હજાર રૂપીયા ઉઘરાવવામાં આવે છે, જયારે સરકાર આ શાળાઓના વિકાસ અને શિક્ષકોના પગાર ભથ્થા માટે ગ્રાન્ટ ફાળવે છે. આ ઉપરાંત આદિવાસી વિદ્યાર્થીઓને મફત પ્રવેશ આપવાની નીતિ હોવા છતાં ટ્રસ્ટના આયોજકો દરેક વિદ્યાર્થી પાસેથી પ્રવેશ ફી તરીકે ૨૦૦ થી ૩૦૦ રૂપીયા ઉઘરાવી રહ્યા છે. યુવરાજસિંહ જાડેજાએ આરોપ લગાવ્યો છે કે આ તમામ શાળાઓનુ સંચાલન કરતા ટ્રસ્ટ ના વ્યકિત વસંતભાઈ બરજુલભાઈ પટેલ જે વલસાડ જિલ્લા કોંગ્રેસના મહામંત્રી હોવાનો દાવો કરે છે. તેમની સંડોવણી આ ભ્રષ્ટાચારમાં છે વધુમાં ૨૦૨૨ ની વિધાનસભા ચુંટણી દરમિયાન વસંતભાઈ પટેલે કોંગ્રેસની ટીકીટ પર ચુંટણી લડવા માટે દરેક શિક્ષક પાસેથી ૫ હજાર રૂપીયા ઉઘરાવ્યા હોવાનો પણ આરોપ છે.

જાડેજાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ મુદ્દે લેખિત ફરીયાદો કરવા છતાં કોઈ પગલા લેવાયા નથી, તેમણે આદિજાતિ અને શિક્ષણમંત્રી કુબેર ડીંડોરને તાત્કાલીક પગલા લઈને આ ભ્રષ્ટાચારની તપાસ કરવા અને જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાની માંગ કરી છે.

આ ઘટનાએ દક્ષિણ ગુજરાતની આશ્રમ શાળાઓમાં વહિવટી અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચારના મુદ્દાને ઉજાગર કર્યા છે. જેના કારણે સ્થાનિક સમુદાયમાં આક્રોશ ફેલાયો છે.

# વિજાપુરનો ભાગેડુ પનીર માફીયો ગાંધીનગરથી ઝડપાયો: ગુજરાત ભરમાં તેનો કાળો કારોબાર ધમધમી રહ્યો હતો

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

મહેસાણા ફુડ એન્ડ ડ્રગ વિભાગે ૮ ઓગસ્ટના રોજ ભેળસેળયુકત પનીર બનાવતી કંપનીમાં દરોડા પાડી નકલી પનીરના કારોબારના પર્દાફાશ કર્યો હતો આ મામલે પોલીસે ફેકટરી માલીક દિનેશ પટેલને ગાંધીનગરથી ઝડપી લીધો છે. આરોપી રેડ પાડયા બાદ ફરાર હતો, પોલીસે આરોપી દિનેશ પટેલને ગાંધીનગરથી ઝડપી લીધો હતો. દિનેશ પટેલે મીડીયા કર્મીઓ



પર પણ હુમલો કર્યો હતો. પનીર માફીયો દિનેશ પટેલનુ ગુજરાતભરમાં નેટવર્ક ફેલાયેલુ છે. દરોડા દરમિયાન આરોપી ફરાર થઈ ગયો હતો. તો બીજી તરફ મીડીયા કર્મીઓ પર હુમલો કરનાર વિરૂધ્ધ ફરીયાદ નોંધાવતા પોલીસે તેને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા હતા. આરોપી નકલી પનીર બનાવી ગુજરાતભરમાં કાળો કારોબાર કરતો હતો. મહેસાણા પોલીસે ગુજરાત સહિત રાજસ્થાન સુધી પોલીસ દોડાવી હતી. પોલીસની વિવિધ ટીમોએ પનીર માફીયાનો સતત પીછો કર્યો હતો. આખરે પનીર માફીયો ગાંધીનગર થી ઝડપાઈ ગયો હતો. ફુડ એન્ડ ડ્રગ વિભાગ દ્વારા મળેલી બાતમી આધારે ડીવાઈન ફુડ નામની ફેકટરીમાં રેડ પાડી હતી. ફેકટરીમાં મોટા પાયે પનીર બનાવીને અમદાવાદ સહિત રાજયની વિવિધ શહેરોની હોટલોમાં અને શહેરોમાં ફેકટરીમાંથી પનીરનો જથ્થો સપ્લાય કરવામાં આવતો હતો, ફુડ વિભાગની ટીમને પનીરમાં પ્રાથમિક દ્રષ્ટીએ તપાસમાં પામોલીન તેલમાંથી પનીર બનતુ હોવાની વાત બહાર આવી હતી. પોલીસની અલગ અલગ ટીમોએ પનીર માફીયાનો સતત પીછો કર્યો હતો આખરે પનીર માફીયો ગાંધીનગરથી ઝડપાઈ જતા જેલ ભેગો કરાયો હતો.

# જન્માષ્ટમી તહેવારના મિની વેકેશનમાં સૌરાષ્ટ્રવાસીઓમાં પ્રવાસનો ક્રેઝ ઘટ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

સૌરાષ્ટ્રમાં જન્માષ્ટમી માત્ર ધાર્મિક તહેવાર જ નથી, પરંતુ એક મીની વેકેશન તરીકે પણ ખૂબ લોકપ્રિય છે. આ દિવસોમાં વેપારીઓ પોતાનો ધંધો બંધ રાખે છે, શાળા-કોલેજોમાં રજાઓ હોય છે, અને લોકો પરિવાર સાથે ફરવા નીકળી પડે છે. ગામડાંના લોકો રાજકોટ જેવા શહેરોમાં મેળાનો આનંદ માણવા આવે છે, જ્યારે રાજકોટ, જામનગર અને મોરબીના રહેવાસીઓ લાંબા પ્રવાસનું આયોજન કરે છે. આ વર્ષે બુકિંગ એક મહિના પહેલાં શરૂ થઈ ગયું હતું, પરંતુ ટ્રેનના એડવાન્સ રિઝર્વેશન બે મહિના પહેલાં જ ફૂલ થઈ ગયા હતા. જોકે, ફ્લાઈટના ભાડામાં બમણો વધારો થતાં પ્રવાસન ઉદ્યોગને મોટો ફટકો પડ્યો છે, અને એજન્ટોના જણાવ્યા અનુસાર, ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે બુકિંગમાં ૫૦% ઘટાડો થયો છે. જીરાવાલા ટૂરિઝમના સૌરાષ્ટ્ર હેડ બિરેનભાઈ ધ્રુવના જણાવ્યા મુજબ, જન્માષ્ટમીના મીની વેકેશન દરમિયાન સામાન્ય રીતે જોવા મળતો પ્રવાસનનો ઉત્સાહ આ વર્ષે નથી. ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે માત્ર ૫૦% બુકિંગ જ થયું છે. ડોમેસ્ટિક સ્થળોમાં મહાબળેશ્વર, ગોવા અને કેરળ સૌથી વધુ પસંદગી મેળવે છે, જ્યારે આંતરરાષ્ટ્રીય સ્થળોમાં બાલી અને દુબઈ લોકપ્રિય છે.

# રાજકોટમાં મંદિરોમાં ચોરી કરતી ટોળકી ઝડપાઇ: પોલીસે ચોરી અને લૂંટને અંજામ આપતા ૩ લોકોની ધરપકડ કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટમાં મંદિરોમાં ચોરી કરતી ટોળકી ઝડપાઇ છે. આ તસ્કર ટોળકી ખાસ કરીને ભગવાનના મંદિરોને જ ટાર્ગેટ કરી હતી. ટોળકીએ મોરબી અને રાજકોટ જિલ્લા તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ચોરી કરીને તરખાટ મચાવ્યો હતો. રાજકોટ પોલીસે ચોરી અને લૂંટને અંજામ આપતા ૩ લોકોની ધરપકડ કરી છે. આ ટોળકીના રાકેશ સોલંકી, વિજય સોલંકી તથા રોનક ભટ્ટને પોલીસે ઝડપી પાડ્યા છે જ્યારે ટોળકીના અન્ય સાગરીતો ફરાર થઇ ગયા છે.પોલીસે જણાવ્યું કે તસ્કર ટોળકીએ મોરબી, રાજકોટ ગ્રામ્યમાં તથા સુરેન્દ્રનગર જિલ્લામાં ચોરીને અંજામ આપ્યો હતો. આ આરોપીઓની ખાસીયત એ હતી કે તેઓ પહેલા હાઈવે પર આવેલા મંદિરોની રેકી કરતા હતા અને જો રાત્રે મહંત એકલા હોય તેવા મંદિરને જ તેઓ ટાર્ગેટ કરતા હતા. પોલીસે ૪ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો,.